૧

# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૧ * અંક-૨ * ઓક્ટોબર, ૨૦૧૬



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● મિથ્યાજ્ઞાન સહિત આત્માકે દ્વારા ઐસા કર્મોકા બંધ હોતા હૈ કિ એકેન્દ્રિયાદિ પર્યાયોંમેં અનંત જન્મ ધારણ કરના પડતા હૈં, પરંતુ જબ સમ્યગ્જ્ઞાનમયી આત્મા હો જાતા હૈ તબ મન, વચન, કાયકી ગુપ્તિકે ઉત્તમ લાભસે સર્વ કર્મ ક્ષય હો જાતે હૈં. ૧૫૭૪. (શ્રી તારણસ્વામી, ઉપદેશ-શુદ્ધસાર-શ્લોક-૫૮૩)

● હું નિરોગ બની જાઉં, મને કદી પણ વેદના ન થાઓ એવા પ્રકારની મૂર્ચ્છા જ—મમત્વ જ અથવા વારંવાર ચિંતવન કરવું તે વેદનાભય કહેવાય છે. ૧૫૭૫. (શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૫૨૫)

● સંસારમેં ઉત્પન્ન હુઈ અપની જ્વાલાઓંકે સમૂહસે લોકકો ભસ્મ કર દેનેવાલી અગ્નિમેં પ્રવેશ કરના અચ્છા હૈ, જિસમેં બડી બડી લહરે ઉઠ રહી હૈ તથા જો મગર ઔર ઘડિયાલ આદિ હિંસક જલજંતુઓંસે ભયકો ઉત્પન્ન કરનેવાલા હૈ ઐસે સમુદ્રકે જલમેં પ્રવેશ કરના અચ્છા હૈ અથવા જહાં નાના પ્રકારકે બાણોં (શસ્ત્રોં)કે દ્વારા અનેક શૂરવીર મારે જા રહે હોં ઐસે શત્રુઓંસે ભયાનક યુદ્ધમેં ભી પ્રવેશ કરના અચ્છા હૈ, પરંતુ સૈંકડોં ભવોંમેં અનંત દુઃખકો ઉત્પન્ન કરનેવાલે સ્ત્રીસુખકે મધ્યમેં પ્રવેશ કરના અચ્છા નહીં હૈ. (તાત્પર્ય યહ કિ સ્ત્રીજન્ય સુખ ઉપર્યુક્ત જાજ્વલ્યમાન અગ્નિ આદિસે ભી ભયાનક હૈ). ૧૫૭૬.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક—૧૧૮)

● ગણધરાદિક દેવ, પ્રતિકાર રહિત એવા (જેને દૂર કરવાનો કોઈ ઉપાય ન જોવામાં આવે એવા) ઉપસર્ગ આવી પડતાં, દુષ્કાળ પડતાં, ઘડપણ આવતાં, અને રોગ થતાં ધર્મ માટે (ધર્મની આરાધના માટે) શરીરનો ત્યાગ કરવો તેને સંલ્લેખના કહે છે. ૧૫૭૭. (શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડશ્રાવકાચાર, શ્લોક-૧૨૨)

● ઉત્તમ ધર્મ સહિત જીવને તીક્ષ્ણ ખડગ પણ ફૂલની માળા બની જાય છે, જીત્યો ન જાય એવો દુર્જય વેરી પણ સુખ કરવાવાળો સ્વજન અર્થાત્ મિત્ર બની જાય છે તથા હળાહળ ઝેર છે તે પણ અમૃતરૂપ પરિણમી જાય છે, ઘણું શું કહીએ મહાન આપદા પણ સંપદા બની જાય છે. ૧૫૭૮.

(સ્વામી કાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૪૩૩)

● ઝાડના ઠૂંઠામાં જેને પુરુષની ભ્રાંતિ ઉત્પન્ન થઈ હોય તેવા મનુષ્યને જેવી વિપરીત યા વિવિધ ચેષ્ટા હોય છે તેવી શરીરાદિમાં આત્મવિભ્રમને લીધે પહેલાં મારી ચેષ્ટા હતી. ૧૫૭૯. (શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૨૧)

વર્ષ–૧૧
અંક–૨




વિ. સંવત
૨૦૭૨
October
A.D. 2016




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(તા. ૩-૫-૪૪, સોમવાર) વ્યાખ્યાન નં. ૧૪
(ગાથા ૧૩)

ક્ષયોપશમ-આત્માના પુરુષાર્થથી ગુણનો અંશે ઉઘાડ થવો તે ક્ષયોપશમ છે. ક્ષયોપશમભાવ વર્તમાન તો એક સમય પૂરતો જ છે. ક્ષયોપશમની સ્થિતિ ઘણા કાળની છે—પરંતુ તેની પ્રગટ અવસ્થા તો એક સમય પૂરતી છે, તેના લક્ષે (તે તરફના વિકલ્પે) ત્રિકાળી સ્વભાવ પ્રગટતો નથી.

ક્ષાયિક—ક્ષાયિકભાવના લક્ષે પણ વસ્તુ અગોચર છે, કેમકે જેને કેવળજ્ઞાન થઈ ગયું છે તેને તો સમજવાનું રહ્યું નથી; નીચલી દશામાં તો ક્ષાયિકદશા છે નહીં, જે નથી તે ઉપર વલણ કરવું તે તો વિકલ્પ છે, તથા ક્ષાયિકસમકિત પણ પ્રગટરૂપ તો એક સમય પૂરતું જ છે, તેના લક્ષે સ્વભાવ લક્ષમાં આવતો નથી; માટે કહ્યું કે આત્મવસ્તુ ક્ષાયિકથી પણ અગમ્ય છે.

કેવળજ્ઞાન તો વર્તમાન વર્તતું નથી તો તેના ઉપર લક્ષ કેવી રીતે કરવું? વર્તમાનમાં જે અભાવરૂપ છે તેનું લક્ષ કેવી રીતે થાય? છદ્મસ્થને ઉપશમ–ક્ષયોપશમભાવ વર્તતા હોય પણ તે ઊણી પર્યાય છે તેના ઉપરના લક્ષે રાગ આવે છે, અને ક્ષાયિક તો છે નહીં; ત્યારે છે શું? કે દ્રવ્ય એકરૂપ સત્ ત્રિકાળ પડ્યું છે. નિત્ય

**આ પારકું એમ જાણીને પરદ્રવ્યને કો નર તજે,**
**ત્યમ પારકા સૌ જાણીને પરભાવ જ્ઞાની પરિત્યજે. ૩૫. –શ્રી સમયસાર**

એકરૂપ, દ્રવ્ય-ગુણ અને ત્રિકાળી ધ્રુવ પર્યાયથી અભેદરૂપ છે એવા પરમપારિણામિક-સ્વભાવ ઉપર લક્ષ જતાં, જે વર્તમાન પ્રગટ્યું તેનું લક્ષ રહેતું નથી તેમજ ક્ષાયિક ભાવ પ્રગટશે તેનો પણ વિકલ્પ હોતો નથી, એકલા ધ્રુવનો જ આશ્રય છે.

ક્ષાયિક તો વર્તમાન છે નહીં તો 'જે નથી તેનું લક્ષ' શી રીતે કરવું? જ્યારે સમજવા તરફ વળ્યો ત્યારે ક્ષાયિકભાવ તો હોય નહીં, જે ન હોય તેમાં એકાગ્ર શી રીતે થવું? તથા 'ક્ષાયિક પ્રગટશે' એમ વિચાર કરે તો જે નથી તેના વિકલ્પમાં રાગ આવે છે. ત્યારે શું કરવું? તે કહે છે :—

આત્મા ત્રિકાળ વસ્તુ, તેના ગુણ અને તેની અરૂપી પારિણામિક ક્રિયા (તે અંતરંગ ક્રિયા છે, બહારમાં તો અક્રિય છે)—તે એકરૂપ પડ્યા છે, તેના લક્ષે સમ્યગ્દર્શન પ્રગટે છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિકના લક્ષે રાગ આવે છે તેમાં પણ ક્ષાયિક તો વર્તમાન પ્રગટ છે નહીં તેથી અંદર જે અવિચળ ધ્રુવ એકરૂપ સ્વભાવભાવ પડ્યો છે તેનું જ લક્ષ કરવા જેવું છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એ ચારેને વિભાવસ્વભાવ કહ્યા છે કેમ કે તે ચારેમાં પરની અપેક્ષા આવે છે; તેમાં પણ ક્ષાયિક તો વર્તમાન છે નહીં અને બીજા ત્રણે એક સમય પૂરતા છે તેના લક્ષે રાગ આવે છે. તેથી કહ્યું કે પરમપારિણામિકસ્વભાવ ચાર વિભાવસ્વભાવરૂપ ભાવોથી અગોચર છે. સહજ પારિણામિકભાવને જ ગમ્ય છે. જો કે ક્ષાયિકભાવથી કાંઈ અગોચર નથી, પણ ક્ષાયિક વર્તમાનમાં નથી અને "નથી" તેના લક્ષે સત્ ઊઘડે નહીં એ અપેક્ષાએ ક્ષાયિકથી પણ અગોચર છે એમ કહ્યું છે.

મૂળ સ્વભાવ તો ત્રણેકાળ એકરૂપ છે, તેને કોઈ અપેક્ષા જ લાગુ પડતી નથી. મોક્ષ કે ક્ષાયિકભાવ તે બધો વ્યવહારનયનો વિષય છે. જે ક્ષાયિક અવસ્થા પ્રગટે તે અંદર શક્તિ હોય તો પ્રગટે કે ન હોય તો? અંદર જે સદાય એકરૂપ દ્રવ્ય પડ્યું છે તેના જોરે જ ક્ષાયિકદશા પ્રગટે છે. પીપર ઘસતાં તેમાંથી જે તીખાશ પ્રગટે છે તે પત્થરમાંથી નથી આવતી પણ અંદર ચોસઠપહોરી તીખાશ કાયમ ભરી છે તે જ પ્રગટે છે; તેમ આત્મામાં નિર્મળ પર્યાય પ્રગટી તે તો વ્યવહાર છે, પણ તે નિર્મળ પર્યાય આવી ક્યાંથી? કોના જોરે પ્રગટી? અંદર ત્રિકાળ છે શું? ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિ અને તેની સ્વરૂપશ્રદ્ધા તે ત્રિકાળ ધ્રુવ છે, વિકાસ થવો તે તો પર્યાયમાં છે.

**નથી મોહ તે મારો કંઈ, ઉપયોગ કેવળ એક હું,**
**—એ જ્ઞાનને, જ્ઞાયક સમયના મોહનિર્મમતા કહે. ૩૬. –શ્રી સમયસાર**

આ આત્માના દર્શનઉપયોગની વાત ચાલે છે. દર્શનઉપયોગ ત્રિકાળ એકરૂપ અને તેની શ્રદ્ધા પણ ત્રિકાળ એકરૂપ છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એ ચાર ભાવો તો અપેક્ષિત છે, આ દર્શનઉપયોગ અને તેની શ્રદ્ધા ત્રિકાળ એકરૂપ છે. સમ્યગ્દર્શન તો પર્યાય છે. સમ્યક્‌શ્રદ્ધા કે મિથ્યાશ્રદ્ધા એ તો શ્રદ્ધાગુણની એક સમય પૂરતી પ્રગટ દશા છે, સ્વરૂપશ્રદ્ધા તો ત્રિકાળ એકરૂપ છે.

અહીં ધ્રુવઉપયોગ લેવો છે; દર્શનઉપયોગ ધ્રુવ અને તેની શ્રદ્ધા પણ ધ્રુવ, બન્ને સામાન્ય છે. શ્રદ્ધા તે કાયમીભાવ છે–ત્રિકાળ છે; અને સમ્યગ્દર્શન તે તો ઉત્પાદરૂપદશા છે અને મિથ્યાદર્શન તે વ્યયરૂપદશા છે, તેમાં તો અપેક્ષા આવે છે. સમ્યગ્દર્શનમાં મિથ્યાદર્શનના અભાવની–વ્યયની અપેક્ષા આવે છે; શ્રદ્ધા તો કાયમ એકરૂપ ધ્રુવ છે.

દર્શનઉપયોગ પરિણમન વગરનો એકરૂપ પર્યાયરૂપ ધ્રુવ છે; તે વર્તમાન-વર્તમાન વર્તે છે તોપણ પરિણમન નથી–ધ્રુવ કહેવાય. આહા! એકરૂપ સહજસ્વભાવભાવ છે, એકલો વીતરાગભાવ છે, પરમપારિણામિકભાવ છે, આવું જ જૈનદર્શનનું સ્વરૂપ છે, વસ્તુ જ આવી છે. ઉદય, ઉપશમાદિ ચાર વિભાવસ્વભાવોથી અગોચર છે, સહજ સ્વાભાવિક છે; મોક્ષ વગેરે તો કૃત્રિમ છે, આ તો સહજ, પરમપારિણામિકભાવ છે, તેની શ્રદ્ધા તે ત્રિકાળી છે. આવા સ્વભાવની શ્રદ્ધા તે અંદરનું દર્શન છે. દર્શનઉપયોગ ત્રિકાળ એકરૂપ છે, તે કારણશુદ્ધ આત્મા છે અને મોક્ષપર્યાય તે શુદ્ધકાર્ય છે.

આત્મા કેવો છે તેની વાત ચાલે છે. એકલો નિજ સ્વભાવની સત્તામાત્રભાવ છે–હોવાપણું કાયમ છે. દર્શનગુણ તો કાયમ છે પણ દર્શનઉપયોગ ધ્રુવપર્યાય તે પણ કાયમ છે, ગુણ-પર્યાય અભેદ છે.

કોઈ વાણિયા પાસે એક ચમકદાર કિંમતી મોતી હતું, તે કોઈ ભરવાડને બતાવ્યું અને કહ્યું કે "બહુ ઊંચી જાતનું પાણીદાર મોતી છે તેના પાણીના તેજની ઝલકનાં મોજાં ઊઠે છે;" ત્યારે મોતીની જાતનો અજાણ ભરવાડ કહે કે મને તો કાંઈ પાણી દેખાતું નથી, જો મારી પછેડીનો છેડો પાણીમાં પલાળી આપો તો માનું. પણ ભાઈ! આ તો મોતીની ચમકનાં મોજાં છે, નદીના પાણીનાં મોજાં નથી કે તેમાં તારી પછેડી પલળે! આ તો મોતીની અંદરની ચમકને ઓળખવાની રીત છે. તેમ આત્મા ચૈતન્યમૂર્તિ તે મોતી છે તેમાં જ્ઞાન, દર્શન વગેરે ગુણો તો ત્રિકાળ છે, અને તેમાં સ્વભાવપરિણતિરૂપ ચમક તે

**ધર્માદિ તે મારાં નથી, ઉપયોગ કેવળ એક હું,**
**–એ જ્ઞાનને, જ્ઞાયક સમયના ધર્મનિર્મમતા કહે. ૩૭. –શ્રી સમયસાર**

પણ ત્રિકાળ છે. 'પરિણતિ' કહેવા છતાં પરિણમે નહીં. બોલાય તો ગમે તેમ પણ બોલવા ઉપર જોવા જાય તેને ખરી વસ્તુ મળશે નહીં. (''મોતીની ચમકનાં મોજા'' કહેવાય ત્યાં મોજાં એટલે પાણીનાં મોજાં નથી.)

આત્મા વસ્તુ કાયમી છે, તેનો દર્શનઉપયોગ શુદ્ધાત્મસત્તામાત્ર છે, એક અવસ્થા જાય ને બીજી થાય એવું તેમાં નથી પણ એકરૂપ ધ્રુવ છે, અવસ્થા ઉપરના લક્ષે તો વિકલ્પ આવે છે; એકરૂપ સ્વભાવભાવ નિરપેક્ષ છે તે સમ્યગ્દર્શનનો વિષય છે. વિષય એટલે તે તરફનું લક્ષ, ધ્યેય. આત્માનો વિષય કરનાર સાચી શ્રદ્ધા, તે પ્રગટ કરવાનું કારણ જે 'સમ્યગ્દર્શનનો વિષય' તે શું છે? કે નિત્ય એકરૂપ શુદ્ધાત્મ અખંડ દ્રવ્ય, અનંત ગુણ અને એકરૂપ ધ્રુવ અખંડ પર્યાય તે અભેદપણે સમ્યગ્દર્શનનો વિષય છે, તે જ સાચી શ્રદ્ધા પ્રગટવાનું કારણ છે; તેનું લક્ષ કરીને તેમાં એકાગ્ર થઈને પરિણતિ કૃતકૃત્ય થાય છે.

દૃષ્ટિ અંદર દેખે છે; પ્રશસ્ત રાગ વચ્ચે આવે તે જુદો વિષય છે; દર્શનના વેપારમાં રાગ કે નિમિત્ત તરફનું વલણ નથી. દર્શનઉપયોગ તો પરમચૈતન્યસ્વરૂપ સ્વસ્વભાવ સત્તામાત્ર છે, અકૃત્રિમ છે. સમ્યગ્દર્શન પછી ચારિત્ર થાય છે, તે નવી પ્રગટતી અવસ્થા છે, સ્વરૂપની રમણતારૂપ ક્રિયા તે પણ કૃત્રિમ છે, કેમકે કેવળજ્ઞાન થયા પછી તેનો વ્યય થઈ જાય છે. અને આ શુદ્ધ સહજસ્વરૂપચારિત્ર તે તો ત્રિકાળ એકરૂપ છે, તેની શ્રદ્ધા પણ ત્રિકાળ એકરૂપ છે, અકૃત્રિમ પરમસ્વરૂપમાં નિશ્ચળસ્થિતિરૂપ એકરૂપ શુદ્ધચારિત્રમય છે. વસ્તુ જ આવી પરમ શુદ્ધ છે.

આ દર્શનઉપયોગ ગુણ નથી પણ ગુણ સાથે તેની અભેદ ધ્રુવ પર્યાય છે, તે નિત્ય શુદ્ધ કર્માંજન રહિત (પુણ્ય-પાપ બન્ને કર્માંજન છે તેનાથી રહિત) ત્રિકાળ એકરૂપ નિરપેક્ષ જ્ઞાનસ્વભાવ છે. દર્શન, જ્ઞાન બધું અભેદ છે, નિત્ય શુદ્ધ કાયમ એકરૂપ છે; તે કારણસ્વભાવદર્શન આત્માના વેરી જે પુણ્ય-પાપ તેની સેનાની ધ્વજાને તોડી નાંખનાર છે, જ્યાં ધ્વજા તૂટી ત્યાં સેના પણ ચાલી જાય છે. પુણ્ય-પાપની સેનાની ધ્વજારૂપ જે મિથ્યાદર્શન તેને આત્મસ્વભાવ તોડી નાંખે છે, આત્માનો સ્વભાવ બધાં પુણ્ય-પાપનો નાશ કરનાર છે; આવા આત્મસ્વરૂપની શ્રદ્ધામાત્ર કારણસ્વભાવદર્શન છે.

(ક્રમશઃ)

**હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;**
**કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે! ૩૮. –શ્રી સમયસાર**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

मणुयाणं असुइमयं विहिणा देहं विणिम्मियं जाण ।
तेसिं विरमण-कज्जे ते पुण तत्थेव अणुरत्ता ।।८५।।

**અર્થ :—**હે ભવ્ય! આ મનુષ્યોનો દેહ, કર્મોએ અશુચિમય બનાવ્યો છે, ત્યાં આવી ઉત્પ્રેક્ષા-સંભાવના જાણ કે—એ મનુષ્યોને વૈરાગ્ય ઉપજાવવા માટે જ એવો રચ્યો છે; છતાં પણ આ મનુષ્ય એવા દેહમાં પણ અનુરાગી થાય છે, એ મોટું અજ્ઞાન છે. ૮૫.

આ મનુષ્યનો દેહ કર્મોએ અપવિત્ર બનાવ્યો છે, તે નિમિત્તથી કથન છે. એક રજકણ બીજા રજકણને ઉપજાવી શકે નહિ. આ શરીર કર્મોના નિમિત્તે અશુચિમય છે એ મનુષ્યોને વૈરાગ્ય ઉપજાવવા માટે જ એવું બન્યું છે, છતાં મનુષ્ય તેમાં અનુરાગી થઈને સુખ માને તે અજ્ઞાન છે. જેમ નેમનાથ ભગવાનને વૈરાગ્ય લાવવા માટે પશુને પૂરવામાં આવ્યાં હતાં તેમ જીવમાં વૈરાગ્ય લાવવા શરીરને અશુચિમય બનાવ્યું છે, માટે તેની રુચિ છોડ ને અંદર આનંદ શક્તિ સ્વભાવ પડ્યો છે તેની રુચિ કર. વળી એ જ અર્થને દૃઢ કરે છે.

एवंविहं पि देहं पिच्छंता वि य कुणंति अणुरायं ।
सेवंति आयरेण य अलद्धपुव्वं ति मण्णंता ।।८६।।

**અર્થ :—**પૂર્વોક્ત પ્રકારે એવા અશુચિ દેહને પ્રત્યક્ષ દેખવા છતાં પણ આ મનુષ્ય ત્યાં અનુરાગ કરે છે, જાણે પૂર્વે (આવો દેહ) કદી પણ પામ્યો ન હોય એમ માનતો થકો તેને આદરે છે—સેવે છે, પણ તે મહાન અજ્ઞાન છે. ૮૬.

આ દેહ પ્રત્યક્ષ અપવિત્ર છે છતાં મનુષ્ય તેમાં અનુરાગ કરે છે. નાનું બાળક લાકડાનું ચૂસણિયું મોઢામાં રાખે છે. તેને પેંડો આપો તોપણ તે ચૂસણિયું મૂકે નહિ, તેમ અજ્ઞાની જીવને પવિત્ર ચૈતન્ય સ્વભાવ બતાવવા છતાં દેહ ઉપરનો રાગ તે છોડતો નથી. જે જીવ એમ માને છે કે હું શરીરને ચલાવી શકું છું, બોલાવી શકું છું, તે શરીરને તથા આત્માને એક માને છે, તે આ ભાવના ભાવી શકે નહિ.

**કો મૂઢ, આત્મ તણા અજાણ, પરાત્મવાદી જીવ જે,**
**'છે કર્મ, અધ્યવસાન તે જીવ' એમ એ નિરૂપણ કરે! ૩૯. —શ્રી સમયસાર**

અનાદિથી જીવને શરીર સાથે એકત્વબુદ્ધિ છે. જેમ બગીચામાં મેંદીની ભૂલ ભૂલામણીમાં રસ્તો મળે નહિ, તેમ અનાદિથી જીવ ભૂલમાં રમી રહ્યો છે, તેને કહે છે કે શરીરાદિની ક્રિયા તારી નથી, તું જ્ઞાતાદૃષ્ટા રહે, રાગ-દ્વેષનો પણ જાણનાર રહે પણ કર્તા ન રહે. અનંતવાર શરીર મળ્યા પણ જીવે પોતાના સહજાનંદ સ્વભાવનું ભાન કર્યું નહિ, તે અજ્ઞાનભાવ છે. અહીં સ્વામીકાર્તિકેય કહે છે કે શરીર અશુચિમય છે, આત્મા પવિત્ર છે માટે તેની ભાવના ભાવ.

આગળ આ દેહથી જે વિરક્ત થાય છે તેની અશુચિ ભાવના સફળ છે; એમ કહે છે.

जो पर–देह–विरत्तो णिय–देहे ण य करेदि अणुरायं ।
अप्प–सरूवि सुरत्तो असुइत्ते भावणा तस्स ।।૮૭।।

**અર્થ :—**જે ભવ્ય, પરદેહ જે સ્ત્રી આદિના દેહ તેનાથી વિરક્ત થતો થકો નિજ દેહમાં પણ અનુરાગ કરતો નથી અને આત્મસ્વરૂપમાં ધ્યાન વડે લીન રહે છે તેને અશુચિભાવના સાર્થક થાય છે. ૮૭.

જે ભવ્ય જીવ માતા, પિતા, સ્ત્રી વગેરેના દેહમાં વિરક્ત થઈ પોતાના શરીરમાં અનુરાગ કરતો નથી પણ પોતાના આત્મસ્વરૂપમાં અનુરક્ત રહે છે, તેને અશુચિભાવના સફળ છે.

બહારથી ઉછીના દાગીના લગ્ન માટે લાવ્યા હોય ને પછી ક્યા દાગીના કોના છે ? એ ભૂલી જાય તો જેના દાગીના હોય તેને કહે છે કે ભાઈ ! જેના જે દાગીના હોય તે ઊઠાવી લ્યો, તેમ અહીં ભગવાન કહે છે કે શરીર, લક્ષ્મી, મકાન, આત્મા વગેરે છે તેમાં તારો માલ હોય તે ઊઠાવી લે શરીર, મન, વાણી તારો માલ નથી પણ શુદ્ધ ચૈતન્ય તારો માલ છે, તે ઉઠાવ.

હું તો જ્ઞાનાનંદ અમૃત ભોજનનો અનુભવ કરનારો છું, આમ જેને આત્માનો અનુરાગ છે ને શરીરાદિ પરનો અનુરાગ નથી, તે જીવને અશુચિભાવના સાર્થક છે.

સ્વ-પર દેહકુ અશુચિ લખી, તજે તાસ અનુરાગ;
તાકે સાચી ભાવના, સો કહીયે મહાભાગ્ય.

**વળી કોઈ અધ્યવસાનમાં અનુભાગ તીક્ષણ-મંદ જે,**
**એને જ માને આતમા, વળી અન્ય કો નોકર્મને! ૪૦.　　–શ્રી સમયસાર**

સ્વ ને પરનાં શરીર અપવિત્ર છે, પોતાનો દેહ કહેવો તે વ્યવહારનું કથન છે, ઘણી અપવિત્ર વસ્તુથી શરીર બનેલું છે, તેને અપવિત્ર જાણીને આત્માને પવિત્ર જાણીને તે તરફનો રાગ જે છોડે છે, તેને સાચી ભાવના હોય છે ને તે મહાભાગ્યવાન છે.

સાચી ભાવના ભાવનારને મહાભાગ્યવાન કહ્યો. કોઈ જીવને પુણ્ય ઓછા હોય, ગરીબ હોય પણ આબરૂ હોય, ભલે કોઈ ગણતું ન હોય તોપણ તે બધી બહારની વાત છે, તેથી આત્માનો અનાદર થતો નથી. સમવસરણમાં દેડકાં જાય છે ને ભેદજ્ઞાન પ્રગટ કરે છે તે ભાગ્યવાન છે, અઢીદ્વીપની બહાર અસંખ્ય તિર્યંચો પાંચમે ગુણસ્થાને છે, તે આવી ભાવના ભાવે છે તે મહા ભાગ્યવાન છે, માટે તું તારા જ્ઞાનનિધિને સાંભળીને અંતરમાં ગુમ થા—એમ કહેવાનો ભાવ છે.

## ૭. આસ્રવાનુપ્રેક્ષા

**मण–वयण–काय–जोया जीव–पएसाण फंदण–विसेसा ।**
**मोहोदएण जुत्ता विजुदा वि य आसवा होंति ।।८८।।**

**અર્થ :—**મન-વચન-કાયરૂપ યોગ છે તે જ આસ્રવ છે. કેવા છે તે યોગ? જીવપ્રદેશોનું પરિસ્પંદન અર્થાત્ ચલન-કંપન તેના જ જે વિશેષ (ભેદ) છે તે જ યોગ છે. વળી તે કેવા છે? મોહકર્મના ઉદયરૂપ મિથ્યાત્વ-કષાયકર્મ સહિત છે તથા એ મોહના ઉદયથી રહિત પણ છે. ૮૮.

મન-વચન-કાયા તો જડ છે, તેની વાત નથી પણ આત્માના પ્રદેશોનું કંપન તે યોગ છે. તે આસ્રવનું કારણ છે ને પ્રદેશોના કંપન વખતે મનનું અવલંબન હોય તો મનોયોગ કહેવાય. વચનનું અવલંબન હોય તો વચનયોગ કહેવાય. કાયાનું અવલંબન હોય તો કાયયોગ કહેવાય. યોગ નવાં કર્મ આવવાનું છિદ્ર છે. દયાદાનાદિના પરિણામ તે ખરેખર મલિન પરિણામ છે, તેથી કર્મના પરમાણું આવે છે. આસ્રવનું અંતરંગકારણ મિથ્યાત્વ-રાગદ્વેષ છે અને બહિરંગકારણ યોગ છે. નીચલી ભૂમિકામાં પહેલા ગુણસ્થાને મિથ્યાદષ્ટિને મિથ્યાત્વ સહિતના આસ્રવના પરિણામ છે. હું દયા-દાન જેટલો જ છું એવી ભ્રાંતિ તે મિથ્યાત્વ છે. મિથ્યાત્વ, અવ્રત, કષાય એ કષાયના ભેદ છે, સમ્યગ્દર્શન થયા પછી મિથ્યાત્વનો આસ્રવ નથી. પોતાની ભૂમિકા અનુસાર આસ્રવ છે. મુનિને પાંચ

**કો અન્ય માને આતમા કર્મો તણા વળી ઉદયને,**
**કો તીવ્રમંદ-ગુણો સહિત કર્મો તણા અનુભાગને! ૪૧. –શ્રી સમયસાર**

મહાવ્રતાદિના પરિણામ છે તેટલો આસ્રવ છે ને ૧૧-૧૨-૧૩ ગુણસ્થાને મોહરહિત પરિણામ છે, તેથી તેમને ઈર્યાપથ આસ્રવ છે પણ મોહ નથી.

ભાવાર્થ :—મન-વચન-કાયાનું નિમિત્ત પામીને પ્રદેશોનું ચલાચલ થવું તે યોગ છે અને તેને જ આસ્રવ કહે છે. તે ગુણસ્થાનની પરિપાટી અનુસાર હોય છે. મિથ્યાદૃષ્ટિને ભ્રાંતિ અને કષાય સહિત યોગ હોય છે. પાંચમે આસક્તિ કષાયસહિત યોગ હોય છે—એમ જુદા જુદા ગુણસ્થાનની પરિપાટી અનુસાર સૂક્ષ્મસાંપરાય નામના દસમા ગુણસ્થાન સુધી તે મિથ્યાત્વ-કષાયો સહિત યોગ હોય છે, તેને સાંપરાયિક આસ્રવ કહે છે તથા તેની ઉપરના તેરમા ગુણસ્થાન સુધી મોહના ઉદયરહિત (યોગ) છે, તેને ઈર્યાપથ આસ્રવ કહે છે. જે પુદ્‌ગલ વર્ગણા કર્મરૂપ પરિણમે તેને દ્રવ્યાસ્રવ કહે છે, તથા પ્રદેશો ચંચલ થાય તેને ભાવાસ્રવ કહે છે.

આમ આસ્રવનું સ્વરૂપ જ્ઞાની વિચારે છે કે આસ્રવ પરિણામ મલિન છે, તે મારું સ્વરૂપ(સ્વભાવ) નથી, હું તો જ્ઞાનસ્વરૂપી છું; એમ શ્રદ્ધા-જ્ઞાન કરી વિશેષભાવના ભાવે છે.

અહીં આસ્રવભાવનાનું વર્ણન ચાલે છે, તેમાં મોહસહિત આસ્રવ તે જ ખરેખર આસ્રવ છે, એમ બતાવે છે—

मोह–विवाग–वसादो जे परिणामा हवंति जीवस्स ।
ते आसवा मुणिज्जसु मिच्छत्ताई अणेय–विहा ।।८९।।

**અર્થ** :—મોહકર્મના ઉદયથી આ જીવને જે પરિણામ થાય છે તે જ આસ્રવ છે, એમ હે ભવ્ય! તું પ્રગટપણે જાણ! તે પરિણામ મિથ્યાત્વાદિથી માંડીને અનેક પ્રકારનાં છે. ૮૯.

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચે આસ્રવ છે; તેમાં યોગનું કંપન તે મુખ્ય આસ્રવ નથી પણ મોહ વગેરે ભાવ જ મુખ્ય આસ્રવ છે. મોહકર્મના વિપાકના વશથી જીવને મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ થાય છે, તે મલિન પરિણામ ભાવઆસ્રવ છે. મોહકર્મથી વિકાર થતો નથી, પણ મોહકર્મને વશ થવાથી વિકાર થાય છે. ચિદાનંદસ્વભાવને ચૂકીને જેને પુણ્ય-પાપ વગેરેની મીઠાશ લાગે છે તેને મિથ્યાત્વનો આસ્રવ છે, આમ આસ્રવની અનુપ્રેક્ષા ધર્મી જીવ કરે છે. હું તો જ્ઞાનાનંદ છું, જે પુણ્ય-પાપના ભાવ થાય છે તે આસ્રવ છે—મલિનતા છે, તે મારું સ્વરૂપ નથી. (ક્રમશઃ)

❊

કો કર્મ ને જીવ ઉભયમિલને જીવની આશા ધરે,
કર્મો તણા સંયોગથી અભિલાષ કો જીવની કરે! ૪૨. –શ્રી સમયસાર

# જિનેન્દ્ર-દર્શનનો ભાવભીનો ઉપદેશ

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

અરે ભાઈ! તને આત્માનાં તો દર્શન કરતાં ન આવડે ને આત્માનું સ્વરૂપ દેખવા માટે દર્પણસમાન એવા જિનદેવનાં દર્શન પણ તું નથી કરતો, તો તું ક્યાં જઈશ? બાપુ! જિનેન્દ્રભગવાનનાં દર્શન-પૂજન પણ ન કરે ને તું તને જૈન કહેવડાવ.—એ તારું જૈનપણું કેવું? જે ઘરમાં રોજરોજ ભક્તિપૂર્વક દેવ–ગુરુનાં દર્શન-પૂજન થાય છે, મુનિવરો વગેરે ધર્માત્માને આદરપૂર્વક દાન દેવાય છે તે ઘર ધન્ય છે; અને એના વગરનું ઘર તો સ્મશાનતૂલ્ય છે. અરે! વીતરાગી સંત આથી વિશેષ શું કહે? એવા ધર્મ વગરના ગૃહસ્થાશ્રમને તો હે ભાઈ! દરિયાના ઊંડા પાણીમાં તિલાંજલિ દઈ દેજે!–નહિતર એ તને ડૂબાડશે!

ધર્મી જીવ રોજ-રોજ જિનેન્દ્ર ભગવાનનાં દર્શનાદિ કરે છે. જેમ સંસારના રાગી જીવો સ્ત્રી–પુત્રાદિના મોઢાંને કે ફોટાને પ્રેમથી જુએ છે, તેમ ધર્મનો રાગી જીવ વીતરાગ પ્રતિમાનાં દર્શન ભક્તિથી કરે છે. રાગની આટલી દિશા બદલાવતાં પણ જેને ન આવડે તે વીતરાગમાર્ગને કઈ રીતે સાધશે? જેમ વહાલા પુત્ર–પુત્રીને ન દેખે તો એની માતાને ચેન પડતું નથી, અથવા માતાને ન દેખે તો બાળકને ચેન પડતું નથી, તેમ ભગવાનનાં દર્શન વગર ધર્માત્માને ચેન પડતું નથી. 'અરેરે આજ મને પરમાત્માનાં દર્શન ન થયાં, આજે મેં મારા ભગવાનને ન દીઠા, મારા વહાલા નાથના દર્શન આજે મને ન મળ્યાં!' આમ ધર્મીને ભગવાનના દર્શન વગર ચેન પડતું નથી. (ચેલણા રાણીને જેમ શ્રેણીકના રાજમાં ચેન પડતું ન હતું તેમ.) અંતરમાં પોતાને ધર્મની લગની છે ને પૂર્ણદશાની ભાવના છે એટલે પૂર્ણદશાને પામેલા ભગવાનને ભેટવા માટે ધર્મીના અંતરમાં ખટક ગરી ગઈ છે; સાક્ષાત્ તીર્થંકરના વિયોગમાં તેમની વીતરાગપ્રતિમાને પણ જિનવરસમાન જ સમજીને ભક્તિથી દર્શન-પૂજન કરે છે, ને વીતરાગના બહુમાનથી એવી ભક્તિ–સ્તુતિ કરે કે જોનારનાય રોમરોમ ઉલ્લસી જાય.—આ રીતે જિનેન્દ્રદેવના દર્શન, મુનિવરોની સેવા, શાસ્ત્રસ્વાધ્યાય, દાન વગેરેમાં શ્રાવક પ્રતિદિન વર્તે છે.

અહીં તો મુનિરાજ કહે છે કે શક્તિ હોવા છતાં રોજરોજ જે જિનદેવના દર્શન

**દુર્બુદ્ધિઓ બહુવિધ આવા, આતમા પરને કહે,**
**તે સર્વને પરમાર્થવાદી કહ્યા ન નિશ્ચયવાદીએ. ૪૩. –શ્રી સમયસાર**

નથી કરતો તે શ્રાવક જ નથી; તે તો પત્થરની નૌકામાં બેસીને ભવસાગરમાં ડૂબે છે. તો પછી વીતરાગપ્રતિમાના દર્શન–પૂજનનો જે નિષેધ કરે એની તો વાત શી કરવી? –એમાં તો જિનમાર્ગની ઘણી વિરાધના છે. અરે, સર્વજ્ઞને પૂર્ણ પરમાત્મદશા પ્રગટી ગઈ તેવી પરમાત્મદશાનો જેને પ્રેમ હોય, તેને તેના દર્શનનો ઉલ્લાસ આવ્યા વગર કેમ રહે? એ તો પ્રતિદિન ભગવાનનાં દર્શન કરીને પોતાની પરમાત્મદશારૂપ ધ્યેયને રોજરોજ તાજું કરે છે.

ભગવાનના દર્શનની જેમ મુનિવરો પ્રત્યે પણ ધર્મીને પરમ ભક્તિ હોય. ભરત ચક્રવર્તી જેવા પણ મહાન આદરપૂર્વક ભક્તિથી મુનિઓને આહારદાન દેતા, ને પોતાના આંગણે મુનિ પધારે ત્યારે પોતાને ધન્ય માનતા. અહા! મોક્ષમાર્ગી મુનિનાં દર્શન પણ ક્યાંથી!!—એ તો ધન્ય ભાગ્ય ને ધન્ય ઘડી! મુનિના વિરહે મોટા ધર્માત્માઓ પ્રત્યે પણ એવો બહુમાનનો ભાવ આવે કે અહો ધનભાગ્ય, મારા આંગણે ધર્માત્માનાં પગલાં થયાં! આવા ધર્મના ઉલ્લાસથી ધર્મીશ્રાવક મોક્ષમાર્ગને સાધે છે; ને જેને ધર્મનો આવો પ્રેમ નથી તે સંસારમાં ડૂબે છે.

કોઈ કહે કે મૂર્તિ તો પાષાણની છે!–પણ ભાઈ, એમાં જ્ઞાનબળે પરમાત્માનો નિક્ષેપ કર્યો છે કે 'આ પરમાત્મા છે'—એ નિક્ષેપની ના પાડવી તે જ્ઞાનની જ ના પાડવા જેવું છે. જિનબિંબદર્શનને તો સમ્યગ્દર્શનનું નિમિત્ત ગણ્યું છે, તે નિમિત્તનો પણ જે નિષેધ કરે તેને સમ્યગ્દર્શનની ખબર નથી. સમન્તભદ્રસ્વામી તો કહે છે હે જિન! અમને તારી સ્તુતિનું વ્યસન પડી ગયું છે. જેમ વ્યસની મનુષ્ય પોતાના વ્યસનની વસ્તુ વગર રહી શકતો નથી તેમ સર્વજ્ઞના ભક્તોને સ્તુતિનું વ્યસન છે એટલે ભગવાનની સ્તુતિ–ગુણગાન વગર તે રહી શકતા નથી. ધર્માત્માના હૃદયમાં સર્વજ્ઞદેવના ગુણગાન કોતરાઈ ગયા છે. અહા, સાક્ષાત્ ભગવાનને દેખવાનું મળે–એ તો બલિહારી છે. કુંદકુંદાચાર્ય જેવાએ વિદેહમાં જઈને સીમંધરનાથને સાક્ષાત્ દેખ્યા.—એમની તો શી વાત! અત્યારે તો અહીં એવો કાળ નથી. અરે, તીર્થંકરોનો વિરહ, કેવળીઓનો વિરહ, મોટા સંતમુનિઓનો પણ વિરહ,—એવા કાળે જિનપ્રતિમાના દર્શન વડે પણ ધર્મી જીવ ભગવાનનું સ્વરૂપ યાદ કરે છે. આ રીતે વીતરાગ જિનમુદ્રા જોવામાં જેને હોંશ ન આવે તે જીવ સંસારની તીવ્ર રુચિને લીધે ભવના દરિયામાં ડૂબવાનો છે. વીતરાગનો ભક્ત તો વીતરાગદેવનું નામ સાંભળતાં ને દર્શન કરતાં હર્ષિત થઈ જાય. જેમ સારા

**પુદ્ગલ તણા પરિણામથી નીપજેલ સર્વે ભાવ આ**
**સહુ કેવળીજિન ભાખિયા, તે જીવ કેમ કહો ભલા? ૪૪. –શ્રી સમયસાર**

વિનયવંત પુત્રો રોજ સવારમાં માતા-પિતા પાસે જઈને વિવેકથી પગે લાગે છે તેમ ધર્મી જીવ પ્રભુ પાસે બાળક જેવા થઈને વિનયથી રોજરોજ ધર્મપિતા—જિનેન્દ્રભગવાનનાં દર્શન કરે છે. સ્તુતિ–પૂજા કરે છે; મુનિવરોને ભક્તિથી આહારદાન કરે છે. આવા વીતરાગી દેવ-ગુરુની ભક્તિ વગરનો જીવ મિથ્યાત્વની નાવમાં બેસીને ચારગતિના સમુદ્રમાં ડૂબે છે ને મોંઘા મનુષ્યજીવનને નષ્ટ કરી નાંખે છે. માટે ધર્મના પ્રેમી જીવે દેવ-ગુરુની ભક્તિના કાર્યોમાં હંમેશા પોતાના ધનનો અને જીવનનો સદુપયોગ કરવો–એમ ઉપદેશ છે.

આ રીતે જિનેન્દ્રદેવના દર્શનનો તથા દાનનો ઉપદેશ આપીને હવે દાતાની પ્રશંસા કરે છે.

## ધર્માત્મા એ કલિયુગનાં કલ્પવૃક્ષ છે

આચાર્ય કહે છે કે પુણ્યફળરૂપ ચિન્તામણિ વગેરેનો મહિમા અમને નથી; અમને તો આ દાતા જ ઉત્તમ લાગે છે કે જે ધર્મની આરાધનાસહિત દાન કરે છે.......પોતાની શક્તિ હોવા છતાં ધર્મનાં કાર્ય અટકે એ ધર્મી જીવ જોઈ શકે નહિ.

ધર્માત્મા-શ્રાવક દાનાદિ વડે આ કાળે કલ્પવૃક્ષ વગેરેનું કાર્ય કરે છે—એમ હવે કહે છે—

(शार्दूलविक्रीडित)

चिन्तारत्नसुरद्रुकामसुरभिस्पर्शोपलाद्या भुवि
ख्याता एव परोपकारकारणे दृष्टा न ते केनचित्
तैरत्रोपकृतं न केषुचिदपि प्रायो न संभाव्यते
तत्कार्याणि पुनः सदैव विदधत् द्दाता परं दृश्यते।।१९।।

અર્થ :—ચિન્તામણિ, કલ્પવૃક્ષ, કામધેનુ અને પારસ પત્થર આદિ પૃથ્વી પર પરોપકાર કરવામાં કેવળ પ્રસિદ્ધ જ છે. તેમને ન તો કોઈએ પરોપકાર કરતા જોયા છે અને ન તેમણે અહીં કોઈનો ઉપકાર કર્યો પણ છે તથા એવી સંભાવના પણ ઘણું કરીને નથી. પરંતુ તેમના કાર્યો (પરોપકારાદિ) સદાય કરતા કેવળ દાતા શ્રાવક અવશ્ય

**રે! કર્મ અષ્ટ પ્રકારનું જિન સર્વ પુદ્ગલમય કહે,**
**પરિપાક સમયે જેહનું ફળ દુઃખ નામ પ્રસિદ્ધ છે. ૪૫. –શ્રી સમયસાર**

જોવામાં આવે છે. તાત્પર્ય એ છે કે દાની મનુષ્ય તે પ્રસિદ્ધ ચિન્તામણિ આદિથી પણ અતિશય શ્રેષ્ઠ છે. ૧૯.

જગતમાં ચિન્તામણિ, કલ્પવૃક્ષ, કામધેનું ગાય અને પારસપત્થર પરોપકાર કરવામાં પ્રસિદ્ધ છે, પરંતુ અહીં તેને પરોપકાર કરતાં કોઈએ જોયા નથી, તેમજ તેણે કોઈને ઉપકૃત કર્યા નથી અને અહીં તેવી સંભાવના પણ પ્રાયઃ નથી. પરંતુ દાતાર એકલો મનોવાંછિત દાનવડે સદૈવ એ ચિન્તામણિ વગેરેનું કામ કરતો જોવામાં આવે છે. માટે ખરેખર દાતાપુરુષ તે જ ચિન્તામણિ વગેરે પદાર્થો કરતાં ઉત્તમ છે.

ધર્માત્માને પરમાર્થ ચિન્તામણિ તો પોતાનો આત્મા છે કે જેના ચિંતનથી કેવળજ્ઞાન અને સમ્યગ્દર્શન વગેરે નિધાન પ્રગટે છે. એ ચૈતન્યચિંતામણિ પાસે બહારના ચિંતામણિ વગેરેની વાંછા જ્ઞાનીને નથી. જોકે પુણ્યના ફળમાં ચિંતામણિ, કલ્પવૃક્ષ વગેરે વસ્તુઓ થાય છે ખરી,—એને ચિંતવતાં બાહ્ય સામગ્રી વસ્ત્ર-ભોજનાદિ મળે, પણ કાંઈ એની પાસેથી ધર્મ કે સમ્યગ્દર્શનાદિ ન મળે. ચોથા કાળમાં આ ભરતભૂમિમાં પણ કલ્પવૃક્ષ વગેરે હતાં, સમવસરણમાં પણ તે હોય છે, પરંતુ અત્યારે તો લોકોનાં પુણ્ય ઘટી ગયાં એટલે તેવી વસ્તુઓ અહીં જોવામાં આવતી નથી; પરંતુ આચાર્યદેવ કહે છે કે એવા પુણ્યફળનો મહિમા અમને નથી, અમને તો આ દાતા જ ઉત્તમ લાગે છે કે જે ધર્મની આરાધના સહિત દાન કરે છે. દાનના ફળમાં કલ્પવૃક્ષ વગેરે તો એની પાસે સહજમાત્રમાં આવશે.

પારસનો પત્થર લોઢામાંથી સોનું કરે—એમાં તે શું!—આ ચૈતન્યચિંતામણિનો સ્પર્શ થતાં આત્મા પામરમાંથી પરમાત્મા બની જાય—એવો ચિંતામણિ જ્ઞાનીના હાથમાં આવી ગયો છે. તે ધર્માત્મા પોતામાં રાગ ઘટાડીને ધર્મની વૃદ્ધિ કરે છે, ને બહારમાં પણ ધર્મની વૃદ્ધિ કેમ થાય, દેવ—ગુરુની પ્રભાવના ને મહિમા કેમ વધે ને ધર્માત્મા—સાધર્મીને ધર્મસાધનામાં કેમ અનુકૂળતા થાય એવી ભાવનાથી તે દાન કાર્ય કરે છે. જ્યારે જરૂર પડે ત્યારે અને જેટલી જરૂર પડે તેટલું આપવા સદૈવ તૈયાર છે. તેથી તે જ ખરેખર ચિન્તામણિ અને કામધેનું છે. દાતા પારસમણિ સમાન છે કેમકે તેના સંપર્કમાં આવનારની દરિદ્રતા તે દૂર કરે છે.

મેરુપર્વત પાસે દેવકુરુ—ઉત્તરકુરુ ભોગભૂમિ છે, ત્યાં કલ્પવૃક્ષો હોય છે તે ઈચ્છિત સામગ્રી આપે છે; ત્યાં જુગલિયા જીવો હોય છે ને કલ્પવૃક્ષથી પોતાનો જીવન

વ્યવહાર એ દર્શાવિયો જિનવર તણા ઉપદેશમાં,
આ સર્વ અધ્યવસાન આદિ ભાવ જ્યાં જીવ વર્ણવ્યા. ૪૬. —શ્રી સમયસાર

નિર્વાહ કરે છે. દાનના ફળમાં જીવો ત્યાં જન્મે છે. અહીં પણ પહેલા–બીજા–ત્રીજા આરામાં એવા કલ્પવૃક્ષો હતાં. પરંતુ અત્યારે નથી; તેથી શાસ્ત્રકાર કહે છે કે એ કલ્પવૃક્ષ વગેરે પ્રસિદ્ધ હોવા છતાં અત્યારે અહીં તો તે કોઈનો ઉપકાર કરતા જોવામાં આવતા નથી. અહીં તો દાતાર શ્રાવકો જ ઈચ્છિત દાન વડે ઉપકાર કરતા જોવામાં આવે છે. ચિંતામણિ વગેરે તો અત્યારે શ્રવણમાત્ર છે, દેખાતા નથી, પણ ચિંતામણિની જેમ ઉદારતાથી દાન કરનારા ધર્મી-શ્રાવકો તો અત્યારે દેખાય છે.

જુઓ, ૯૦૦ વર્ષ પહેલાં પદ્મનંદીમુનિરાજે આ શાસ્ત્ર રચ્યું છે તે વખતે આવા શ્રાવકો હતા. આ પદ્મનંદી મુનિરાજ મહાન સંત હતા; વનવાસી દિગંબર સંતોએ સર્વજ્ઞના વીતરાગમાર્ગની યથાર્થ પ્રણાલિકા ટકાવી રાખી છે. દિગંબર મુનિઓ એ તો જૈનશાસનના સ્થંભ છે. આ પદ્મનંદીમુનિએ આ શાસ્ત્રમાં વૈરાગ્ય ને ભક્તિના ઉપદેશથી રેલમછેલ કરી છે. તેમ જ નિશ્ચયપંચાશત્ વગેરે અધિકારોમાં શુદ્ધ આત્માનું અધ્યાત્મસ્વરૂપ વર્ણવ્યું છે. કુંદકુંદસ્વામીનું બીજુ નામ 'પદ્મનંદી' હતું પરંતુ તે પદ્મનંદી આ નહીં, આ પદ્મનંદીમુનિ તો તેમના પછી લગભગ હજારેક વર્ષે થયા. તેઓ કહે છે કે દાન કરનારા ઉત્તમ શ્રાવકધર્માત્મા તે ચિંતામણિ જેવા છે.

સંઘમાં જરૂર પડે કે જિનમંદિર નવું–મોટું કરાવવું છે.

તો કહે : 'કેટલું ખર્ચ?' કે સવા લાખ રૂપિયા.

તરત કહે કે આ લ્યો, ને ઉત્તમ મંદિર બંધાવો.

આમ ઉદારતાથી દાન દેનારા ધર્માત્માઓ હતા. એને માટે એને ઘરે–ઘરે જઈને ખરડા ન કરવા પડે. પોતાની શક્તિ હોવા છતાં ધર્મના કાર્યો અટકે તે ધર્મી જીવ જોઈ શકે નહિ. માટે કહે છે કે ધર્માત્મા–શ્રાવકો જ ઉદારતાથી મનોવાંછિત દાન દેનારા ચિંતામણિ–કલ્પવૃક્ષ ને કામધેનુ છે,

—જ્યારે જરૂર પડે ત્યારે આપે. જરૂર પડ્યે દાન ન આપે તો એ દાતાર શેનો? ધર્મપ્રસંગમાં જરૂર પડ્યે દાતા છૂપો રહે નહિ. જેમ દેશને ખાતર ભામાશાહ (તે જૈન હતા) પોતાની બધી મિલ્કત રાણા પ્રતાપ પાસે ધરી દીધી, તેમ ધર્મીજીવ ધર્મને ખાતર જરૂર પડ્યે પોતાનું સર્વસ્વ અર્પી દ્યે. દાતાને ચિંતામણિ વગેરે કરતાં પણ ધર્મ પ્રિય છે; કેમકે ચિંતામણિ વગેરે વસ્તુઓ જે ઉપકાર કરે છે તે પણ પૂર્વે કરેલા સત્પાત્રદાનથી જે પુણ્ય બંધાય તેને લીધે જ છે; માટે ખરેખર દાતામાં જ એ બધું સમાઈ જાય છે.—આ રીતે દાતાની પ્રશંસા કરી. હવે જ્યાં ધર્માત્મા શ્રાવકો વસતા હોય ત્યાં અનેક પ્રકારે ધર્મની પ્રવૃત્તિ ચાલ્યા કરે છે તે બતાવીને તેની પ્રશંસા કરે છે.　　　　(ક્રમશઃ)

# હે જીવો! સમ્યક્ત્વની આરાધના કરો

જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વોનો યથાવત્ નિશ્ચય—આત્મામાં તેનો વાસ્તવિક પ્રતિભાસ તે જ સમ્યગ્દર્શન છે. પંડિત અને બુદ્ધિમાન મુમુક્ષુને મોક્ષસ્વરૂપ પરમ સુખસ્થાને નિર્વિઘ્ન પહોંચાડવામાં એ પ્રથમ પગથિયારૂપ છે. માટે પ્રથમ તેની આરાધના કરવાનો સંતોનો ઉપદેશ છે.

જ્ઞાન, ચારિત્ર અને તપ એ ત્રણે સમ્યક્ત્વ સહિત હોય તો જ મોક્ષાર્થે સફળ છે, વંદનીય છે, કાર્યગત છે; અન્યથા અર્થાત્ સમ્યક્ત્વ વગરના જ્ઞાન, ચારિત્ર અને તપ સંસારના કારણરૂપપણે જ પરિણમ્યે જાય છે. ટૂકામાં સમ્યક્ત્વરહિત જ્ઞાન તે જ અજ્ઞાન, સમ્યક્ત્વરહિત ચારિત્ર તે જ કષાય અને સમ્યક્ત્વ વિનાનું તપ તે જ કાયક્લેશ છે. જ્ઞાન, ચારિત્ર અને તપ એ ત્રણે ગુણોને ઉજ્જ્વળ કરનાર એવી એ સમ્યક્શ્રદ્ધા પ્રથમ આરાધના છે. બાકીની ત્રણ આરાધના એક સમ્યક્ત્વના વિદ્યમાનપણામાં જ આરાધકભાવે પ્રવર્તે છે. એ પ્રકારે સમ્યક્ત્વનો કોઈ અકથ્ય અને અપૂર્વ મહિમા જાણી તે પવિત્ર કલ્યાણમૂર્તિરૂપ સમ્યગ્દર્શનને, આ અનંત—અનંત દુઃખરૂપ એવા અનાદિ સંસારની આત્યંતિક નિવૃત્તિ અર્થે હે ભવ્યો ! તમે ભક્તિપૂર્વક અંગીકાર કરો, સમયે—સમયે આરાધો. (શ્રી આત્માનુશાસન પાનું ૯)

ચાર આરાધનામાં સમ્યક્ત્વ આરાધનાને પ્રથમ કહેવાનું શું કારણ? એવો શિષ્યને પ્રશ્ન થતાં શ્રી આચાર્ય તેનું સમાધાન કરે છે—

शमबोधवृत्त तपसां, पाषाणस्येव गौरवं पूंसः।
पूज्यं महामणेरिव, तदेव सम्यक्त्व संयुक्तम्॥१५॥

આત્માને મંદ કષાયરૂપ ઉપશમભાવ, શાસ્ત્રાભ્યાસરૂપ જ્ઞાન, પાપના ત્યાગરૂપ ચારિત્ર અને અનશનાદિરૂપ તપ એનું જે મહત્પણું છે તે સમ્યક્ત્વ વગર તો માત્ર પાષાણબોજ સમાન છે, આત્માર્થ ફળદાતા નથી. પરંતુ જો તે જ સામગ્રી સમ્યક્ત્વસહિત હોય તો મહા મણિસમાન પૂજનીક થઈ પડે છે, અર્થાત્ વાસ્તવ્ય ફળદાતા અને ઉત્કૃષ્ટ મહિમા યોગ્ય થાય છે.

'નિર્ગમન આ નૃપનું થયું'-નિર્દેશ સૈન્યસમૂહને,
વ્યવહારથી કહેવાય એ , પણ ભૂપ એમાં એક છે; ૪૭. —શ્રી સમયસાર

પાષાણ તથા મણિ એ બંને એક પત્થરની જાતિના છે અર્થાત્ જાતિ અપેક્ષાએ તો એ બંને એક છે, તોપણ શોભા, ઝલક આદિના વિશેષપણાને લઈને મણિનો થોડો ભાર ગ્રહણ કરે તોપણ ઘણી જ મહત્ત્વતાને પામે, પણ પાષાણનો ઘણો ભાર માત્ર તેના ઉઠાવનારને કષ્ટરૂપ જ થાય છે, તેવી જ રીતે મિથ્યાત્વક્રિયા અને સમ્યક્ત્વક્રિયા એ બંને ક્રિયા અપેક્ષાએ તો એક જ છે; તથાપિ અભિપ્રાયના સત્-અસત્પણાના તથા વસ્તુના ભાન–બેભાનપણાના કારણને લઈને મિથ્યાત્વસહિત ક્રિયાનો ઘણો ભાર વહન કરે તોપણ વાસ્તવ્ય મહિમાયુક્ત અને આત્મલાભપણાને પામે નહિ, પરંતુ સમ્યક્ત્વ સહિત અલ્પ પણ ક્રિયા યથાર્થ આત્મલાભદાતા અને અતિ મહિમાયોગ્ય થાય.

(શ્રી આત્માનુશાસન ગાથા–૧૫)

## સમ્યગ્દર્શનની રીત

આજે માંગળિક પ્રસંગ છે ને ગાથા બરાબર અલૌકિક આવી છે. આ ગાથા ૮૦મી છે. ૮૦ એટલે આઠ અને શૂન્ય. આઠ કર્મનો અભાવ કરીને સિદ્ધદશા કેમ થાય, તેની આમાં વાત છે.

(સં. ૨૦૦૫ કારતક સુદ ૧૩નું પ્રવચન)

જે જાણતો અર્હંતને ગુણ દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે.

(૧) આ પ્રવચનસારની ૮૦મી ગાથા ચાલે છે. આત્મામાં અનાદિકાળથી જે મિથ્યાત્વભાવ છે તે અધર્મ છે, તે મિથ્યાત્વભાવને ટાળીને સમ્યગ્દર્શન કેમ પ્રગટે, તેનો ઉપાય આ ગાથામાં વર્ણવ્યો છે. આ આત્માનો સ્વભાવ અરિહંત ભગવાન જેવો જ, પુણ્ય–પાપરહિત છે. આત્માના સ્વભાવને ચૂકીને જે પુણ્ય-પાપ થાય તેને પોતાનું સ્વરૂપ માનવું તે મિથ્યાત્વ છે. શરીર, મન, વાણી આત્માના તાબે છે ને તેમની ક્રિયા આત્મા કરી શકે છે એમ માનવું તે મિથ્યાત્વ છે; તથા આત્મા શરીર-મન-વાણીને તાબે છે ને તેમની ક્રિયાથી આત્માને ધર્મ થાય છે એમ માનવું તે પણ મિથ્યાત્વ છે–ભ્રમ છે ને અનંત સંસારમાં રખડવાનું કારણ છે, તે મિથ્યાત્વનો નાશ કર્યા વગર ધર્મ થતો નથી. તે મિથ્યાત્વનો નાશ કેમ થાય તેનો ઉપાય અહીં બતાવે છે.

**ત્યમ સર્વ અધ્યવસાન આદિ અન્યભાવો જીવ છે,**
**–સૂત્રે કર્યો વ્યવહાર, પણ ત્યાં જીવ નિશ્ચય એક છે. ૪૮. –શ્રી સમયસાર**

(૨) જે કોઈ જીવ ભગવાન અરિહંતના આત્માને દ્રવ્ય-ગુણ-પર્યાયપણે બરાબર જાણે છે તે જીવ ખરેખર પોતાના આત્માને જાણે છે ને તેનો મિથ્યાત્વરૂપ મોહ ચોક્કસ નાશ પામે છે, એટલે તેને શુદ્ધ સમ્યક્ત્વ પ્રગટે છે;—આ ધર્મનો ઉપાય છે. અરિહંતના આત્માનો કાયમી એકરૂપ રહેનાર સ્વભાવ કેવો છે, તેના જ્ઞાનાદિ ગુણો કેવા છે, તેમને રાગરહિત કેવળજ્ઞાન કેવો છે તેને જે જાણે તે જીવ અરિહંત જેવા પોતાના આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખીને પછી અભેદ આત્માની અંતરદષ્ટિ કરીને મિથ્યાત્વને ટાળે ને સમ્યગ્દર્શન પ્રગટ કરે. આ ૮૦મી ગાથાનો ટૂંકો સાર.

(૩) કુંદકુંદાચાર્યદેવે આ ગાથામાં અરિહંત થવાનો સચોટ માર્ગ દર્શાવ્યો છે. અરિહંત ભગવાનનો આત્મા પણ પૂર્વે અજ્ઞાન દશામાં હતો ને સંસારમાં રખડતો હતો, પછી આત્માનું ભાન કરીને મોહનો ક્ષય કર્યો, ને અરિહંત દશા પ્રગટી. પહેલાં અજ્ઞાન દશામાં પણ તે જ આત્મા હતો ને અત્યારે અરિહંતદશામાં પણ તે જ આત્મા છે; એમ આત્મા ત્રિકાળ રહે છે તે દ્રવ્ય છે, આત્મામાં જ્ઞાનાદિ અનંતગુણો એકસાથે રહેલા છે તે ગુણ છે અને અરિહંતને અનંત કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય પ્રગટ્યાં છે તે તેની પર્યાય છે; તેમને રાગ-દ્વેષ કે અપૂર્ણતા જરાપણ રહ્યાં નથી.—આમ અરિહંત ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયને જે જીવ જાણે તે જીવ પોતાના આત્માને તેવો જ જાણે, કેમ કે આ આત્મા પણ અરિહંતની જ જાતનો છે, જેવો અરિહંતના આત્માનો સ્વભાવ છે તેવો જ આ આત્માનો સ્વભાવ છે. નિશ્ચયથી તેમાં કાંઈ તફાવત નથી. તેથી પહેલાં અરિહંતના આત્માને જાણતાં અરિહંત જેવા પોતાના આત્માને પણ જીવ મન વડે (વિકલ્પથી) જાણી લે છે. ને પછી અંતરમાં વળીને ગુણ-પર્યાયોથી અભેદરૂપ એક આત્મસ્વભાવને અનુભવે છે ત્યારે દ્રવ્ય-પર્યાયની એકતા થતાં તે જીવ ચિન્માત્રભાવને પામે છે; ત્યારે મોહનો કોઈ આશ્રય નહિ રહેવાથી તે અવશ્ય નાશ પામે છે ને જીવને સમ્યગ્દર્શન પ્રગટે છે; તે અપૂર્વ છે. સમ્યગ્દર્શન વગર ત્રણકાળમાં ધર્મ હોતો નથી.

(૪) જેવો અરિહંતભગવાનનો આત્મા છે તેવો જ આ આત્મા છે; તેમાં ચેતન તે દ્રવ્ય છે, ચેતન એટલે આત્મા તે દ્રવ્ય છે, ચૈતન્ય તેનો ગુણ છે. ચૈતન્ય એટલે જ્ઞાન-દર્શન, તે આત્માનો ગુણ છે. અને તે ચૈતન્યની ગ્રંથિઓ એટલે જ્ઞાનદર્શનની અવસ્થાઓ, જ્ઞાનદર્શનનું પરિણમન તે આત્માની પર્યાયો છે. એ સિવાય કોઈ રાગાદિ ભાવો કે શરીર-મન-વાણીની ક્રિયાઓ તે ખરેખર આત્માનું સ્વરૂપ નથી. જે અજ્ઞાનીને

**જીવ ચેતનાગુણ, શબ્દ-રસ-રૂપ-ગંધ-વ્યક્તિવિહીન છે,**
**નિર્દિષ્ટ નહિ સંસ્થાન જીવનું, ગ્રહણ લિંગ થકી નહીં. ૪૯. –શ્રી સમયસાર**

અરિહંત જેવા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયની ખબર નથી તે રાગાદિને અને શરીરાદિની ક્રિયાને પોતાનાં માને છે. 'હું તો ચેતન—દ્રવ્ય છું, મારામાં ચૈતન્ય—ગુણ છે અને મારામાં ક્ષણે-ક્ષણે ચૈતન્યની હાલત થાય છે,—તે મારું સ્વરૂપ છે, એ સિવાય જે રાગાદિ ભાવો થાય છે તે મારું ખરું સ્વરૂપ નથી, ને જડની ક્રિયા તો મારામાં કદી નથી'—એમ જે અરિહંત જેવા પોતાના આત્માને મનથી બરાબર જાણી લે છે તે જીવ આત્મસ્વભાવના આંગણે આવ્યો છે. અહીં તો, જે સ્વભાવના આંગણે આવ્યો તે જીવ સ્વભાવમાં જરૂર પ્રવેશ કરે છે—એવી જ શૈલી છે. આત્માના સ્વભાવની નિર્વિકલ્પ પ્રતીતિ ને અનુભવ તે સમ્યક્ત્વ છે, તે અપૂર્વ ધર્મ છે. તે સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે જીવ પહેલાં તો પોતાના આત્માને મન વડે સમજી લે છે. —કેવો સમજે છે ? મારો સ્વભાવ દ્રવ્ય-ગુણ-પર્યાયથી અરિહંત જેવો જ છે. જેવા અરિહંતના ત્રિકાળ દ્રવ્ય-ગુણ છે તેવા જ દ્રવ્ય-ગુણ મારામાં છે. અરિહંતના પર્યાયમાં રાગ-દ્વેષ નથી, તેમ મારા પર્યાયમાં રાગ-દ્વેષ થાય તે મારું સ્વરૂપ નથી; આમ જેણે પોતાના આત્માને રાગ-દ્વેષ—રહિત પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવવાળો નક્કી કર્યો તે જીવ સમ્યગ્દર્શન પ્રગટ થવાના આંગણે આવીને ઊભો છે. હજી અહીં સુધી મનના અવલંબન દ્વારા સ્વભાવ નક્કી કર્યો છે તેથી આંગણું કહ્યું છે. મનનું અવલંબન છોડીને સીધો સ્વભાવનો અનુભવ કરશે તે સાક્ષાત્ સમ્યગ્દર્શન છે. ભલે પહેલાં મનનું અવલંબન છે પણ નિર્ણયમાં તો 'અરિહંત જેવો મારો સ્વભાવ છે' એમ નક્કી કર્યું છે, 'હું રાગી-દ્વેષી છું, હું શરીરની ક્રિયા કરું છું'—એમ નક્કી નથી કર્યું; માટે તેને સમ્યગ્દર્શનનું આંગણું કહ્યું.

(૬) આ ગાથા ઘણી ઊંચી છે, આ એક ગાથામાં હજારો શાસ્ત્રોનો સાર સમાઈ જાય છે. ક્ષાયિક સમ્યગ્દષ્ટિ થઈને કેવળજ્ઞાન લ્યે એવી આ ગાથામાં વાત છે. શ્રેણિક રાજા અત્યારે નરકમાં છે તેમને ક્ષાયિક સમ્યગ્દર્શન છે. આ ગાથામાં કહ્યું તેમ અરિહંત જેવા પોતાના આત્માનું ભાન છે. ભરતચક્રવર્તીને છ ખંડનું રાજ હતું છતાં ક્ષાયિક સમ્યગ્દર્શન હતું, અરિહંત જેવા પોતાના આત્મસ્વભાવનું ભાન એક ક્ષણ પણ ચૂકતા ન હતા. એવું સમ્યગ્દર્શન કેમ પ્રગટે તેની આ વાત છે.

**નથી વર્ણ જીવને, ગંધ નહિ, નહિ સ્પર્શ, રસ જીવને નહીં,**
**નહિ રૂપ કે ન શરીર, નહિ સંસ્થાન, સંહનને નહીં; ૫૦. —શ્રી સમયસાર**

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—શું રાગ આત્માથી જુદો છે અને શું તે નિષેધ કરવા યોગ્ય છે?

ઉત્તર :—હા, રાગ આત્માથી જુદો છે. રાગમાં જ્ઞાનગુણ નથી; જેમાં જ્ઞાનગુણ ન હોય તેને આત્મા કેમ કહેવાય? માટે રાગ તે આત્મા નથી. આત્માની શક્તિના નિર્મળ પરિણામથી રાગના પરિણામ જુદા છે. આત્માથી જુદા કહો કે નિષેધવાયોગ્ય કહો; મોક્ષાર્થીને જેમ પરાશ્રિત રાગનો નિષેધ છે તેમ પરાશ્રિત એવા સઘળાય વ્યવહારનો પણ નિષેધ જ છે. રાગ અને વ્યવહાર બંને એક જ કક્ષામાં છે, બંને પરાશ્રિત હોવાથી નિષેધયોગ્ય છે; ને તેનાથી વિભક્ત ચૈતન્યનો એકત્વસ્વભાવ તે જ પરમ આદરણીય છે.

પ્રશ્ન :—'જ્ઞાનમાં રાગ નથી' એમ કહ્યું, તો જીવને જ્યાં સુધી રાગ હોય ત્યાં સુધી તે જ્ઞાની નથી—એમ થયું?

ઉત્તર :—ભાઈ, જે રાગ છે તે જ્ઞાનીને પોતાના જ્ઞાનભાવથી એકમેક નથી ભાસતો પણ જુદો જ ભાસે છે, એટલે 'જ્ઞાની' ખરેખર રાગમાં નથી પણ જ્ઞાનભાવમાં જ છે.—આ વાત બરાબર સમજાય તો તને ખબર પડે કે જ્ઞાની શું કરે છે? રાગ વખતે જ્ઞાની રાગ કરે છે કે જ્ઞાન કરે છે તેની ખબર અજ્ઞાનીને નહિ પડે, કેમકે તેને પોતાને રાગ અને જ્ઞાનની ભિન્નતાનું ભાન નથી. સમકિતીને રાગ થતો હોવા છતાં તે જ વખતે જ્ઞાનમાં એકતારૂપે પરિણમન હોવાથી, ને રાગમાં એકતારૂપે નહિ પરિણમતા હોવાથી, તે જ્ઞાની જ છે.

પ્રશ્ન :—વર્તમાનમાં રાગ હોવા છતાં રાગરહિત સ્વભાવની શ્રદ્ધા કેમ થાય? જ્યાં સુધી પર્યાયમાં રાગ વિદ્યમાન છે ત્યાં સુધી રાગરહિત સ્વભાવની શ્રદ્ધા કેમ થઈ શકે? પહેલાં રાગ ટળી જાય ત્યાર પછી રાગરહિત સ્વભાવની શ્રદ્ધા થાય.

ઉત્તર :—એ રીતે જે જીવ રાગને જ પોતાનું સ્વરૂપ માનીને સમ્યક્શ્રદ્ધા પણ કરતો નથી તેને આચાર્યભગવાન કહે છે કે હે જીવ! તું પર્યાયદૃષ્ટિથી રાગને તારું સ્વરૂપ માની રહ્યો છે. પણ પર્યાયમાં રાગ હોવા છતાં તું પર્યાયદૃષ્ટિ છોડીને સ્વભાવદૃષ્ટિથી જો

**નથી રાગ જીવને, દ્વેષ નહિ, વળી મોહ જીવને છે નહીં,**
**નહિ પ્રત્યયો, નહિ કર્મ કે નોકર્મ પણ જીવને નહીં; ૫૧. –શ્રી સમયસાર**

તો તારા રાગરહિત સ્વરૂપનો તને અનુભવ થાય. જે વખતે ક્ષણિક પર્યાયમાં રાગ છે તે વખતે જ રાગરહિત ત્રિકાળી સ્વભાવ છે, માટે પર્યાયદૃષ્ટિ છોડીને તારા રાગરહિત સ્વભાવની તું પ્રતીતિ રાખજે; એ પ્રતીતિના જોરે રાગ અલ્પકાળે ટળી જશે, પણ એ પ્રતીતિ વગર રાગ કદી ટળવાનો નથી.

'પહેલાં રાગ ટળી જાય તો હું રાગરહિત સ્વભાવની શ્રદ્ધા કરું'—એમ નહિ પણ આચાર્યદેવ કહે છે કે પહેલાં તું રાગરહિત સ્વભાવની શ્રદ્ધા કર તો તે સ્વભાવની એકાગ્રતા વડે રાગ ટળે. 'રાગ ટળે તો શ્રદ્ધા કરું—એટલે કે પર્યાય સુધરે તો દ્રવ્યને માનું' એવી જેની માન્યતા છે તે જીવ પર્યાયદૃષ્ટિ છે—પર્યાય મૂઢ છે, તેને સ્વભાવદૃષ્ટિ નથી; અને તે મોક્ષમાર્ગના ક્રમને જાણતો નથી. કેમ કે તે સમ્યક્શ્રદ્ધા પહેલાં સમ્યક્ચારિત્ર ઇચ્છે છે. પણ જો પર્યાયદૃષ્ટિ જ રાખીને પોતાને રાગવાળો માની લ્યે તો રાગ ટળે કઈ રીતે? સમ્યગ્દૃષ્ટિ જીવો અભિપ્રાય અપેક્ષાએ વીતરાગ છે અને તે જ અભિપ્રાયપૂર્વકના વિશેષ પરિણમનથી ચારિત્ર અપેક્ષાએ વીતરાગતા પ્રગટે છે. પહેલાં અભિપ્રાય અપેક્ષાએ વીતરાગતા પ્રગટ્યા વગર કોઈ જીવને ચારિત્ર અપેક્ષાએ વીતરાગતા પ્રગટે નહિ. એટલે કે સમ્યગ્દર્શન વગર કદી પણ સમ્યક્ચારિત્ર પ્રગટે નહિ. એમ જે માને છે તે જીવે આત્માના શ્રદ્ધા-ગુણને અને ચારિત્રગુણને સ્વીકાર્યા નથી એટલે ખરેખર તેણે આત્માને જ સ્વીકાર્યો નથી; તેની દૃષ્ટિ રાગ ઉપર છે પણ આત્મસ્વભાવ ઉપર નથી.

પ્રશ્ન :—જ્ઞાનમાં રાગ જણાય છે, છતાં જ્ઞાનમાં રાગ એકમેક હોય તેવું કેમ લાગે છે?

ઉત્તર :—ભેદજ્ઞાનના અભાવથી અજ્ઞાની રાગ અને જ્ઞાનની અતિ નિકટતા દેખી એકમેક હોય તેવું માને છે પણ રાગ અને જ્ઞાન એકમેક છે નહિ.

પ્રશ્ન :—ક્રોધાદિ ભાવો આત્માથી ભિન્ન વસ્તુ છે; એમ અહીં ક્રોધાદિ ભાવોને પણ 'વસ્તુ' કેમ કીધી?

ઉત્તર :—'ક્રોધાદિ ભાવોને વસ્તુ એમ કીધી' કે તે ક્રોધાદિ અવસ્થામાં વીતરાગી અવસ્થાની નાસ્તિ છે, તે એક અવસ્થામાં બીજી અનંત અવસ્થાની નાસ્તિ છે, ને તે અવસ્થાની પોતાપણે અસ્તિ છે, એવો તેનો અસ્તિનાસ્તિ સ્વભાવ છે; તેથી તે પણ વસ્તુ છે. તે ત્રિકાળી દ્રવ્યરૂપ વસ્તુ નથી પણ ક્ષણિક પર્યાયરૂપ વસ્તુ છે. વિકાર વિકારપણે છે

**નથી વર્ગ જીવને, વર્ગણા નહિ, સ્પર્ધકો કંઈ છે નહીં,**
**અધ્યાત્મસ્થાન ન જીવને, અનુભાગસ્થાનો પણ નહીં; ૫૨. –શ્રી સમયસાર**

ને સ્વભાવપણે નથી, પૂર્વની કે પછીની અવસ્થાપણે નથી, જડકર્મપણે નથી; એટલે પોતાના સ્વરૂપે તે વિકારની અસ્તિ અને બીજા અનંત પદાર્થોપણે નાસ્તિ એવા અનંત ધર્મ તેનામાં સિદ્ધ થયા. એક દ્રવ્યના અનંત ગુણો, અને તે એકેક ગુણોની અનંત પર્યાયો, તે એકેક પર્યાયમાં અનંત અવિભાગ પ્રતિચ્છેદો અને એકેક અવિભાગપ્રતિચ્છેદ અંશમાં બીજા અનંત અવિભાગ અંશની નાસ્તિ છે એટલે એકેક અવિભાગ પ્રતિચ્છેદ અંશમાં અનંત અસ્તિ-નાસ્તિ ધર્મ છે.

પ્રશ્ન :—રાગાદિકનું જે જ્ઞાનનું ઉપજવું એક જ ક્ષેત્રમાં ને એક જ સમયે થતું હોવાથી તે બંનેની ભિન્નતા કેવી રીતે છે?

ઉત્તર :—જે સમયે અને જે ક્ષેત્રે રાગાદિકનું ઉપજવું થાય છે તે જ સમયે અને તે જ ક્ષેત્રે જ્ઞાનનું ઉપજવું થતું હોવાથી અજ્ઞાનીને ભ્રમથી તે બંને એક હોય તેમ લાગે છે પણ તે બંનેના સ્વભાવો જુદા જુદા છે, એક નથી. બંધનું લક્ષણ રાગાદિ છે અને ચૈતન્યનું લક્ષણ જાણવું છે. એમ બંનેના લક્ષણો ભિન્ન છે. રાગાદિકનું ચૈતન્યની સાથે એક જ સમયે ને એક જ ક્ષેત્રે ઉપજવું થાય છે તે ચૈત્ય-ચેતક-જ્ઞેય-જ્ઞાયક ભાવની અતિ નિકટતાથી થાય છે પણ એક દ્રવ્યપણાના લીધે નથી થતું. જેમ પ્રકાશવામાં આવતાં ઘટપટાદિ પદાર્થો દીપકના પ્રકાશપણાને જાહેર કરે છે. ઘટપટાદિને નહિ. તેમ જાણવામાં આવતાં રાગાદિક ભાવો આત્માના જ્ઞાયકપણાને જ પ્રસિદ્ધ કરે છે, રાગાદિકને નહિ. કેમ કે દીવાનો પ્રકાશ દીપકથી તન્મય છે તેથી પ્રકાશ દીપકની પ્રસિદ્ધિ કરે છે, તેમ જ્ઞાન આત્માથી તન્મય હોવાથી જ્ઞાન આત્માને પ્રકાશે છે—પ્રસિદ્ધ કરે છે, રાગાદિકને નહિ. કામ-ક્રોધાદિ-કષાય ભાવો જ્ઞાનમાં જણાય છે તે ખરેખર રાગાદિને પ્રકાશતા નથી કેમકે રાગાદિ જ્ઞાનમાં તન્મય થયા નથી પણ રાગાદિ સંબંધીનું જ્ઞાન પોતાના જ્ઞાનને પ્રકાશે છે, ચૈતન્ય સ્વયં પ્રકાશક હોવાથી પરસંબંધીના પોતાના જ્ઞાનને પ્રકાશે છે. પરને પ્રકાશતો નથી. પહેલાં કહ્યું કે આત્મા પરને પ્રકાશે છે તે વ્યવહારથી વાત કરી પણ ખરેખર તો પર સંબંધીના પોતાના જ્ઞાનને જ પ્રકાશે છે. આ બધી જગતની ચીજો છે તે જ્ઞાનપ્રકાશમાં આવતી નથી અને જ્ઞાનપ્રકાશ જગતની ચીજોમાં જતો નથી. જગતની ચીજો છે તે સંબંધીની પોતાની પર પ્રકાશકતા જ્ઞાન પ્રકાશને જ પ્રકાશે છે. આથી સિદ્ધ થયું કે બંધ સ્વરૂપ રાગાદિના અને પ્રકાશસ્વરૂપ જ્ઞાનના લક્ષણો જુદા હોવાથી તેમને એકપણું નથી. તે બંનેના સ્વલક્ષણો જુદા જુદા જાણીને ભગવતી પ્રજ્ઞા છીણીને તે બંનેની અંતરંગ સાંધમાં પટકવાથી એટલે જ્ઞાનને આત્માની સન્મુખ વાળવાથી રાગથી ભિન્ન ચૈતન્યના અતીન્દ્રિય આનંદને અનુભવાય છે.

# આપણે સૌ સાધર્મી

દુનિયામાં માતા-પુત્ર, અથવા ભાઈ-બેનનો સંબંધ ઉત્તમ છે, પણ સાધર્મીનો સંબંધ તો એ કરતાંય ઘણું ઉંચું સ્થાન ધરાવે છે. એટલે તો પ્રસિદ્ધ છે કે 'સાચું સગપણ સાધર્મીતણું' એની તુલનામાં આવે એવો કોઈ સંબંધ હોય તો તે એક જ છે—ગુરુ અને શિષ્યનો, પરંતુ ગુરુ-શિષ્યનો આ સંબંધ પણ અંતે તો સાધર્મીના સગપણમાં જ સમાય છે, કેમકે એક જ ધર્મને માનનારાઓમાં જે મોટા તે ગુરુ, ને નાનો તે શિષ્ય. એટલે 'સાચું સગપણ સાધર્મીતણું' એની સૌથી ઉત્કૃષ્ટતા છે.

એક રાષ્ટ્રમાં રહેનારા વિધર્મીઓ પણ રાષ્ટ્રીય ભાવના વડે એકબીજાને ભાઈ-ભાઈ સમજવામાં ગૌરવ અનુભવે છે, તો એક જિનશાસનની છાયામાં રહેનારા, ને એક જ દેવ-ગુરુ-ધર્મને ઉપાસનારાઓમાં ધાર્મિક ભાવના વડે પરસ્પર જે બંધુત્વનું નિર્દોષ વાત્સલ્ય વર્તતું હોય છે અને 'આ મારો સાધર્મી ભાઈ કે બહેન છે' એવું કહેતાં એના અંતરમાં જે નિર્દોષ ભાવના અને ધાર્મિક ગૌરવ વર્તે છે—તેની તુલના જગતનો એકેય ધર્મ કરી શકે તેમ નથી.

આપણો ધર્મ તો વીતરાગ ધર્મ ! તેમાં સાધર્મી-સાધર્મીના સંબંધની ઉત્કૃષ્ટતાનું બીજું કારણ એ છે કે તેમાં એકબીજાના સંબંધથી માત્ર ધાર્મિકભાવનાની પુષ્ટિ સિવાય બીજી કોઈ આશા કે અભિલાષા હોતી નથી. મને જે ધર્મ વહાલો લાગ્યો તે જ મારા સાધર્મીને વહાલો લાગ્યો. એટલે તેણે મારી ધર્મ ભાવનાને પુષ્ટ કરી....ને એની ધર્મ ભાવનાને હું પુષ્ટ કરું. આમ અરસ-પરસ ધર્મપુષ્ટિની નિર્દોષ ભાવના વડે શોભતું ધર્મ-વાત્સલ્ય જગતમાં જયવંત હો.

આપણે સૌ એક જ ઉત્તમ પંથના પથિક છીએ, આ કડવા સંસારમાં સાધર્મીના સંગની મીઠાશ દેખીને, ને આત્મિક ચર્ચાના બે શબ્દો સાંભળીને મુમુક્ષુને અસાર સંસારનો થાક ઊતરી જાય છે, ને ધાર્મિક ઉત્સાહમાં અનેરું બળ મળે છે. બસ, સાધર્મીના સ્નેહ પાસે બીજી લાખ વાતોને પણ ભૂલી જાઓ.....સાધર્મી પ્રત્યે વાત્સલ્ય એ મુમુક્ષુનું આભૂષણ છે.

વીરનાથ પ્રભુના વીતરાગશાસનમાં સર્વે સાધર્મીજનો વાત્સલ્યના પવિત્ર વાતાવરણથી વીરશાસનને શોભાવો.

---

*** ઉન્નતિનો ક્રમ તો એ છે કે—એકને જોઈ બીજો તેના આદર્શ ગુણોનું અનુકરણ કરે, પરંતુ દોષદષ્ટિવાન મનુષ્ય "પોતાથી જગતમાં કોઈ વિશેષ ગુણવાન છે" એ સમજતો જ નથી. બીજામાં દોષ હોવા અથવા નહિ હોવાથી તેને શું લાભ–હાનિ છે ? તારો દોષ જે દિવસે નિવૃત્ત થશે તે દિવસે તું ખરેખર સુખી થઈશ. માટે હે મુમુક્ષુ ! એ પરદોષ જોવા તરફ તું નિરંતર ઉપેક્ષિત રહે.**

*—શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા-૨૦*



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—ભેદજ્ઞાનના અભ્યાસમાં હું શરીર નથી, મન નથી, વાણી નથી,—આવા વિચારો આવે છે તે પણ હું નથી. તો પછી શું કરવું ? તે સમજાવવા કૃપા કરશો.

પૂજ્ય બહેનશ્રી :—અભ્યાસ તો ભેદજ્ઞાનનો જ કરવાનો છે. 'આ હું નથી, આ હું નથી' એમ કહીને પર ને વિભાવથી છોડાવવો છે. છતાં ભેદજ્ઞાનના અભ્યાસમાં ટકી ન શકાય તો શાસ્ત્રસ્વાધ્યાય કરે, વળી પાછો ભેદજ્ઞાનનો અભ્યાસ કરે, નિરાળા રહેવાનો અભ્યાસ કરે. આ હું છું, આ હું નથી, હું તો જાણનાર છું તેમ અભ્યાસ કરવાનો છે.

હું ચૈતન્ય શાશ્વત છું. મારો નાશ થતો નથી. હું નિર્મળ છું, પવિત્ર છું. આવો અભ્યાસ કરે તે પહેલાં વિકલ્પથી થાય,—ઉપર ઉપરથી થાય; પણ ખરું તો ઊંડાણથી કરે તે છે. ઊંડાણ પહેલાંથી આવે નહિ. અનાદિથી બહારનો અભ્યાસ છે ને અશુભમાં પડેલો છે, તેનાથી પાછો વળવા માટે વારંવાર અભ્યાસ કરે. સમજણ ન પડતી હોય તો સત્સંગ કરે, સ્વાધ્યાય કરે, શ્રવણ કરે; પણ ભેદજ્ઞાનના અભ્યાસની પાછળ જ સ્વાનુભૂતિ થવાનો પ્રસંગ આવે છે. સાચી શ્રદ્ધાપૂર્વક ભેદજ્ઞાનની ધારા પ્રગટે તો તેમાં સાચી સ્વાનુભૂતિ આવવાનો પ્રસંગ બને.

ભેદજ્ઞાન થયા વગર સાચી અનુભૂતિ થતી જ નથી. જે શરીરને જુદું ન માને, પોતે અંદર જુદું તત્ત્વ છે તેને ઓળખે નહિ અર્થાત્ જુદું તત્ત્વ છે તેને અંદરથી જુદું પાડ્યા વગર સાચી સ્વાનુભૂતિ થતી નથી. વિકલ્પ મંદ પડી જાય, એટલે શાંતિ જેવું કાંઈક લાગે, કંઈક ચમત્કાર દેખાય; પણ અંદરથી વિકલ્પ તૂટીને જે આનંદ આવે તે આવતો નથી. વિકલ્પોને રોકે, દબાવી દે, પણ અંદરથી છૂટો પડતો નથી ત્યાં સુધી સાચો આનંદ આવતો નથી.

પ્રશ્ન :—આપ અમને દિવ્ય શક્તિશાળી મંત્ર આપો, જેના રટણથી કલ્યાણ થઈ જાય.

પૂજ્ય બહેનશ્રી :—હું તો એક જ મંત્ર આપું છું. કહેવાનું એક જ છે કે, જ્ઞાયકનું

કરવું. જ્ઞાયક છું—જ્ઞાયક છું તે મહામંત્ર છે. નિરંતર તેનું રટણ કરવા જેવું છે. તત્ત્વસ્વભાવથી તેને ઓળખવો તે મૂળ છે. તે ન થાય ત્યાં સુધી તેનું રટણ કરવું કે હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું. આ શરીર તે હું નથી, વિભાવની બધી પર્યાયો મારા સ્વરૂપે નથી.

હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું એમ વારંવાર તે ચૈતન્યઘર તરફ દૃષ્ટિ દેવાની છે. ત્યાં જ પરિણતિને લઈ જવાની છે. તે કરવાથી—તેના ઉપર ધ્યાન આપવાથી— વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ શુદ્ધાત્મતત્ત્વ પ્રગટ થાય છે. આ પ્રયાસ જ કરવા જેવો છે. જીવનને ચૈતન્યમય બનાવી દેવું, તે કરવાનું છે. હું શરીરમય નથી, રાગમય નહિ, વેદનામય નથી. જે ધ્યેયથી બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી તે ધ્યેય રાખવું. એક ચૈતન્યમય જ જીવન બનાવવું તે કરવાનું છે.

અંદર ચૈતન્યની સ્વાનુભૂતિ થાય તે વાત જુદી છે, પણ સ્વાનુભૂતિ ન થાય ત્યાં સુધી ભાવનામય જીવન બનાવવું. ચૈતન્ય વગર ચેન પડે નહિ એવું જીવન બનાવી દેવું. ચૈતન્યના ચિંતવન વગર, ચૈતન્યની વાર્તા વગર, ચૈતન્યના શ્રવણ વગર, ચૈતન્યની સ્વાધ્યાય વગર ક્યાંય ચેન ન પડે તેવું જીવન બનાવી દેવું. બસ, એ જ ભાવના ને એનો જ પુરુષાર્થ થાય તો સ્વાનુભૂતિ થાય. ચૈતન્યદેવ પ્રગટ થાય તે તો જુદી જ વાત છે, છતાં તે ન થાય તો તેની ભાવનામય જીવન બને તે પણ સારું છે. બીજે બધેથી દૃષ્ટિ ઉઠાવીને ચૈતન્યમય જીવન બનાવવું. બહારમાં ક્યાંય રોકાવા જેવું નથી. બસ, એક ચૈતન્યમાં જ આનંદ છે, તેમાં જ જ્ઞાન છે. એવા જ્ઞાયકદેવનું સ્મરણ કરવું, સાથે દેવ-શાસ્ત્ર-ગુરુને હૃદયમાં રાખવાં.

પ્રશ્ન :—જ્ઞાનીને ભગવાનની ભક્તિના ભાવ આવે છે ત્યારે તેમની પરિણતિ શું કામ કરે છે ?

પૂજ્ય બહેનશ્રી :—સમ્યગ્દૃષ્ટિ તે વખતે પણ નિરાળો જ રહે છે. ઉત્કૃષ્ટ ભક્તિ કરતો દેખાતો હોય, છતાં તે ભક્તિના ભાવમાં એકત્વ થતો નથી. તે ક્ષણે જ નિરાળો રહે છે. આ ભક્તિના રાગના વિકલ્પ આવે તે જુદા અને હું તેનાથી જુદો છું એવી ભેદજ્ઞાનની ધારા વર્તે છે.

પ્રશ્ન :—તો તે ભક્તિના ભાવ નિષેધાત્મક છે ?

પૂજ્ય બહેનશ્રી :—હા, તે સહજ નિષેધાત્મકપણે રહે છે. વ્યવહારે આદરણીય છે, દ્રવ્યદૃષ્ટિથી (નિશ્ચયથી) નિષેધાત્મક છે. બંને ધારા સાથે ચાલે છે. જ્ઞાની દ્રવ્ય-દૃષ્ટિની મુખ્યતાએ તેનો નિષેધ કરે છે ને વ્યવહારથી આદર કરે છે. ભક્તિકાળે ભક્તિ પણ ઉત્કૃષ્ટ આવે છતાં નિષેધપણાનો ભાવ સહજ રહે છે.

પ્રશ્ન :—ભક્તિના ભાવ વખતે અમારે શું કરવું તે સમજાવો.

પૂજ્ય બહેનશ્રી :—શ્રદ્ધા તો યથાર્થ જ કરવાની છે; પણ ભક્તિનો પ્રસંગ હોય ત્યારે આ ભક્તિ તે હું નથી, એવું વિચારે તો તેને ભક્તિ ઊપડવી—ભક્તિના ભાવ ઊઠવા—મુશ્કેલ પડે. કૃત્રિમ કરવા જાય તો થાય નહિ. ભક્તિના કાળે ભક્તિ કરતો જાય અને આ હું નથી, આ હું નથી એમ વિકલ્પ કરતો જાય તો તેને ભક્તિ ઉપાડવી મુશ્કેલ પડે, તેને ભક્તિ આવતી નથી. જ્ઞાનીને તો સહજ ધારા હોય છે.

પ્રશ્ન :—જ્ઞાનીને તો દરેક કાર્યમાં સહજ ધારા રહે છે; પણ અજ્ઞાનીએ શું કરવું ?

પૂજ્ય બહેનશ્રી :—અજ્ઞાનીએ એવી ભાવના રાખવી કે આ હું નિરાળું તત્ત્વ છું, રાગમાં જોડાવું તે મારું સ્વરૂપ નથી. ભગવાન મને તારી દેશે એમ તે કહે, પણ સાથે જાણે કે ભગવાન તો પરિપૂર્ણ વીતરાગ છે, હું તો મારી ભક્તિની ભાવનાથી કહું છું. હે ભગવાન ! મને તમે તારો – એમ કહેતાં વખતે પણ તેના જ્ઞાનમાં એમ વર્તે છે કે હું ચૈતન્ય ભગવાન છું. હું પુરુષાર્થ કરીશ ત્યારે તરીશ.–એમ બધું જ્ઞાન તો યથાર્થ કરવું જોઈએ. પણ ભક્તિ કરે ત્યારે ભક્તિથી રંગાયેલો હોય. જો તે કૃત્રિમ વિકલ્પો કર્યા કરે તો ભક્તિ આવવી મુશ્કેલ પડે છે, ભક્તિ ઊપડતી નથી.

પ્રશ્ન :—આબાળગોપાળ બધાંને ભગવાન આત્મા જણાઈ રહ્યો છે એટલે શું ? અનુભવાઈ રહ્યો છે –અનુભવમાં આવે છે તેનો શું આશય છે તે સમજાવશોજી.

પૂજ્ય બહેનશ્રી :—આચાર્યદેવ કહે છે કે જ્ઞાન-લક્ષણ તારાથી ઓળખાય તેવું છે. અનુભવાઈ રહ્યો છે એટલે કે તે રૂપે તું છો, તારા સ્વભાવે તું પરિણમી રહ્યો છો. અનુભવમાં આવે છે એટલે કે વેદનરૂપે, સ્વાનુભૂતિરૂપે અનુભવમાં આવે છે એમ નહિ; પરંતુ પરિણમનમાં તું જ્ઞાન-લક્ષણથી પરિણમી રહ્યો છે, તેનાથી ઓળખાય તેવો તું છો. તું પોતે જ છો, તો તું તને કેમ જાણતો નથી ? તું જ્ઞાનસ્વભાવે છો, જ્ઞાનસ્વભાવે તું જ થઈ રહ્યો છો. તું પોતે અનુભવરૂપે રહ્યો છો. પણ તે અનુભવ એટલે આનંદના વેદનની અનુભૂતિ નહિ; પરંતુ તું તારા અસ્તિત્વરૂપે છો, તેને ઓળખી લે. તું જ છો, તું જડ નથી થઈ ગયો પણ અંદર વિકલ્પમાં એવો અટવાઈ ગયો છે કે તને તેનાથી છૂટા પડવું મુશ્કેલ પડે છે. એક એક જ્ઞેયમાં—ખંડ ખંડમાં—અટવાઈ ગયો છો તેથી અખંડને ગોતવાની મુશ્કેલી પડે છે. જાણનારો તું છો, નિઃશંકપણે બધાને જાણે છે.

## બાળ વિભાગ

# એક સુંદર વસ્તુ

બે મિત્રો; બંને રાજપુત્રો, બંનેના શરીર અત્યંત સુંદર, બંને સુંદર રાજમહેલમાં વસનારા, બંને પાસે સુંદર સ્ત્રીઓ, સુંદર વસ્ત્રો—આભૂષણો, ઠાઠમાઠ અને વૈભવ વચ્ચે રહેનારા. બંને મિત્રોનું મિલન થયાને ઘણો વખત વીતી ગયો, એક મિત્રને થયું કે—ચાલ, મારા મિત્રને મળી આવું !....એટલે એ તો ચાલ્યો મિત્રને મળવા.

જતાં જતાં વચ્ચે એક વન આવ્યું. વનમાં એક ઝાડ નીચે જીર્ણશીર્ણ શરીરવાળા કોઈ સાધુ ધ્યાનમગ્ન બેઠા હતા. પેલો મિત્ર પણ ત્યાં વિસામો લેવા બેઠો....તેણે સાધુને જોયા...જોતાંવેંત આશ્ચર્યથી તેના મોઢામાંથી ઉદ્‌ગાર નીકળી ગયા : અરે મિત્ર ! તું અહીં ! હું તો તને મળવા જઈ રહ્યો હતો....ને તું અહીં,—આવા રૂપમાં ક્યાંથી ? (પોતે જેને મળવા જતો હતો તે રાજકુમાર જ આ સાધુવેશમાં હતા.)

સાધુએ કહ્યું :—મિત્ર ! એ બધું છોડીને હું સાધુ થયો છું. આત્માનો સાધક થયો છું.

‘અરે મિત્ર ! એ સુંદર રાજ્ય, સુંદર સ્ત્રીઓ બાગ-બગીચા વગેરે વૈભવો—એ બધાયને તમે કઈ રીતે છોડી શક્યા ? એ બધા સુંદર પદાર્થો પણ તમને અસાર કેવી રીતે લાગ્યા ?

‘સાંભળ, મિત્ર !’ સાધુએ કહ્યું—એ બધી વસ્તુઓ સુંદર તો ખરી, છતાં તે બધી સુંદર વસ્તુઓ પણ જેની પાસે સર્વથા અસુંદર લાગે એવી બીજી કોઈ એક પરમ સુંદર વસ્તુને મેં મારા અંતરમાં દેખી, એટલે તેની પાસે બીજા બધાયને અસુંદર અને અસાર સમજીને મેં છોડી દીધા. મને કાંઈ ખોટ નથી ગઈ, મેં વધુ સુંદરતા મેળવી છે.

સ્વામી ! એ સુંદર વસ્તુ કઈ છે કે જેની સુંદરતાથી મુગ્ધ થઈને, એ સુંદરતા પાસે આખું જગત તમને અસુંદર લાગ્યું ?

હે મિત્ર ! એ વસ્તુ છે ચૈતન્યતત્ત્વ ! પોતાનું ચૈતન્યતત્ત્વ અને તેના શાંતરસનું વેદન તે અદ્‌ભુત સુંદર છે. પરથી ભિન્ન આત્માના એકત્વમાં જે સુંદરતા છે તે સુંદરતા જગતમાં બીજે ક્યાંય નથી. એની સુંદરતામાં વીતરાગતા છે, ને વીતરાગતામાં આનંદ છે.

અહો મિત્ર ! તમે આવું સરસ....પરમ સુંદર ચૈતન્યતત્ત્વ બતાવીને મારા ઉપર ઉપકાર કર્યો છે. હું પણ એ જ તત્ત્વને અંગીકાર કરું છું.

(અહા, ચક્રવર્તીપદ છોડવું પણ જેની પાસે સાવ સહેલું લાગે છે—એ ચૈતન્ય તત્ત્વની સુંદરતાની શી વાત ?)

## ક્રોધથી તારું ઘર સળગે છે

જીવ ક્રોધથી અંધ બનીને પોતે પોતાને કેવું નુકશાન કરે છે તેનું એક સ્થૂળ દૃષ્ટાંત :– બે માણસોને એકબીજા સાથે દુશ્મનાવટ થઈ. બંનેનું ઘર બાજુબાજુમાં જ હતું. એકે ક્રોધથી વિચાર્યું કે હું સામાનું ઘર બાળી નાખું, એટલે સામાના ઘરમાં અગ્નિ ફેંકીને તે ભાગ્યો.

પણ સામો માણસ તે દેખી ગયો, પોતાનું ઘર બળતું હોવા છતાં ક્રોધથી તેણે વિચાર્યું કે જો ઘર ઠારવા રોકાઈશ તો આ શત્રુ ભાગી જશે માટે તેને પકડું. એમ વિચારી તેને પકડવા તેની પાછળ ગયો.

અને પછી પાછો આવીને જુએ છે તો પોતાના ઘરનું નામોનિશાન ન મળે....આગમાં બધુંય ભસ્મીભૂત ! તે દેખીને તેને પસ્તાવો થયો રે અરેરે ! શત્રુ ઉપર ક્રોધ કરવા મેં પોતે મારા ઘરની આગ ઠારી હોત તો મારું ઘર ન બળત.

તેમ જીવને કાંઈક પ્રતિકૂળતાનો પ્રસંગ આવતાં સામા ઉપર તે ક્રોધ કરે છે, એ ક્રોધ વડે પોતાના સ્વઘરની શાંતિને બાળે છે, પણ ક્રોધાગ્નિ બૂઝાવીને પોતે પોતાના શાંત પરિણામમાં રહે તો એને કાંઈ જ નુકશાન ન થાય, ને પોતાને આત્મિક શાંતિ મળે.

આ રીતે પ્રતિકૂળતામાં ક્રોધ—એ કાંઈ દુઃખથી બચવાનો ઉપાય નથી, પણ શાંતિ એ જ દુઃખથી બચવાનો ઉપાય છે. જગતનો કોઈ શત્રુ તારી જે શાંતિને હણવા સમર્થ નથી તે શાંતિને તું પોતે જ ક્રોધ વડે કેમ હણે છે ?

જ્યાં ક્રોધ છે ત્યાં દુઃખ છે, જ્યાં શાંતિ છે ત્યાં સુખ છે.

## એક વાણીયો રાત્રિભોજન છોડી રામ બન્યો....
## તમેય રાત્રિભોજનનું પાપ છોડો

એક જીવ પૂર્વે ભરતક્ષેત્રમાં ધનદત્ત નામનો વાણિયો હતો. એકવાર માર્ગમાં અત્યંત થાકેલો તે ધનદત્ત, ખેદખિન્ન થઈને સૂર્યાસ્ત પછી રાત્રે કોઈ ધાર્મિક આશ્રમમાં પહોંચ્યો. તેને તરસ ખૂબ લાગી હતી, તેથી ત્યાં કોઈ મહાત્માને જોઈને કહ્યું–આપ પુણ્યકાર્ય કરનારા છો, હું બહુ તરસ્યો છું માટે મને પાણી આપો !

ત્યારે તે મહાત્માએ તેને મધુરવાણીથી કહ્યું–હે વત્સ ! રાત્રિમાં અમૃત પીવું પણ ઉચિત નથી. તો પછી પાણીની તો શું વાત ? જ્યારે આંખ પોતાનો વેપાર (દેખવાનું) છોડી દે છે અને આંખથી ન દેખાય એવા સૂક્ષ્મ જીવો ચારેકોર ફરતા હોય છે, એવા અંધકારમાં રાત્રિ સમયે તું

(જુઓ અનુસંધાન પેજ નં. ૩૦ ઉપર)

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર સોળમી વારનું પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પ્રવચનસાર) |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : | અષ્ટપ્રાભૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |

આ વર્ષે પર્યુષણમહાપર્વ જ્ઞાનવૈરાગ્યભીની તત્ત્વોપાસના, મુનીન્દ્રમહિમા, પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની ઉપકારમહિમાની દૃષ્ટિથી પ્રભાવનાપૂર્ણ રહ્યું. પર્યુષણપર્વની આરાધના માટે બહારગામથી અનેક મુમુક્ષુ મહેમાનો પધાર્યા હતા. વિધાનપૂજાના સમયે પરમાગમમંદિર તથા પ્રવચનના સમયે સ્વાધ્યાયમંદિર ભરાઈ જતું હતું. ક્ષમાવણીપર્વના દિવસે, આ સાધનાતીર્થની પવિત્ર યાત્રા તથા પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રતિ ક્ષમાવણીસ્તુતિપૂર્વક ક્ષમાયાચના માટે બાહરગામથી ઘણા બધા મુમુક્ષુ મહાનુભાવ આવ્યા હતા.

### * 'સમયસાર ગુજરાતી અનુવાદ'ની પૂર્ણાહુતિનો વાર્ષિક દિવસ : વિજ્યાદશમી *

શ્રી સમયસાર પરમાગમના કરાયેલ અનુવાદની પૂર્ણાહુતિનો વાર્ષિક દિવસ આસો સુદ ૧૦ (દશેરા) તા. ૧૧-૧૦-૨૦૧૬ મંગળવારના રોજ સમયસારની વિશેષ ભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

* **મહાવીરનિર્વાણ-પંચાહ્નિક-મહોત્સવ :** પ્રતિવર્ષાનુસાર 'શ્રી મહાવીર નિર્વાણ-કલ્યાણક'—દીપાવલીનો મંગલ અવસર આસો વદ અગિયારસ, બુધવાર તા. ૨૬-૧૦-૧૬ થી આસો વદ ૩૦, રવિવાર તા. ૩૦-૧૦-૧૬, પાંચ દિવસ સુધી 'શ્રી જિનેન્દ્ર પંચકલ્યાણકમંડલ વિધાનપૂજા', મહાવીર જિનેન્દ્રભક્તિ તથા અધ્યાત્મજ્ઞાનોપાસના આદિ વિવિધ કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

* **સુપ્રભાત દિન :** કારતક સુદ એકમ–નૂતન વર્ષારંભનો 'સુપ્રભાતદિન' તા. ૩૧-૧૦-૧૬, સોમવારના દિવસે સુપ્રભાતસ્તોત્ર, પૂજાભક્તિ તથા ગુરુદેવશ્રીના સુપ્રભાત-પ્રવચન આદિ વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

* **કાર્તિકી-નંદીશ્વર-અષ્ટાહ્નિકા :** કારતક સુદ ૭, સોમવાર, તા. ૭-૧૧-૨૦૧૬ થી કારતક સુદ ૧૫, સોમવાર, તા. ૧૪-૧૧-૨૦૧૬—આઠ દિવસ સુધી 'પંચમેરુ-નંદીશ્વર પૂજનવિધાન' તથા અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસનાપૂર્વક આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

## વૈરાગ્ય સમાચાર :–

સાવરકુંડલાનિવાસી (હાલ ઘાટકોપર-મુંબઈ) શ્રી નેમિચંદ હરિલાલ શાહના ધર્મપત્ની શાંતાબેન (ઉ.વ. ૮૬) તા. ૮-૮-૨૦૧૬ના રોજ દેહ પરિવર્તન કરેલ છે.

લાઠીનિવાસી હાલ ચેન્નઈ શ્રી શાંતિલાલ મૂળજીભાઈ ભાયાણીનું (ઉ.વ. ૮૯) તા. ૯-૮-૨૦૧૬ના રોજ દેહપરિવર્તન થયેલ છે.

નાગનેશનિવાસી હાલ કાંદીવલી-મુંબઈ સુશીલાબેન જયંતીલાલ જોબાલિયા (ઉ.વ. ૯૫) તા. ૧૦-૦૮-૨૦૧૬ના રોજ દેહ પરિવર્તન કરેલ છે.

સ્વ. વિમળાબેન વર્ધમાનભાઈ ગોસલિયા તા. ૧૧-૦૮-૨૦૧૬ના રોજ સ્વર્ગવાસ થયેલ છે.

થાનગઢનિવાસી હાલ વડોદરા જ્યોત્સનાબેન જયકરભાઈ દોશી (ઉ.વ. ૭૦) તા. ૧૫-૦૮-૨૦૧૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

---

✻ ગર્ભથી લઈને છેક મરણાંત સુધી આ શરીર નિરર્થક ક્લેશ, અપવિત્રતા, ભય, તિરસ્કાર અને પાપથી ભરપૂર હોય છે—આમ વિચારી સમજવાન પુરુષોએ એવા વિટંબનાપૂર્ણ શરીરનો સ્નેહ સર્વથા ત્યજવા યોગ્ય છે. જો નશ્વર અને કેવળ દુઃખપૂર્ણ શરીર ઉપરનું મમત્વ છોડવાથી આત્મા ખરેખર મુક્તદશાને પ્રાપ્ત થતો હોય તો જગતમાં એવો કોણ મૂર્ખ છે કે જે તેના ત્યાગ ભણી પ્રમાદ કરે ? શરીર એ ખરેખર દુષ્ટ મનુષ્યના મેળાપ જેવું છે.

*–શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા-૧૦૫*

---

(અનુસંધાન પેજ નં. ૨૮ થી ચાલુ)

ભોજન-પાન ન કર. હે બંધુ ! કષ્ટ થાય તોપણ તું રાત્રિભોજન ન કર–રાત્રિભોજન કરીને દુઃખથી ભરેલા સંસાર-સમુદ્રમાં ન પડ. ધર્માત્માની અમૃત જેવી મધુરવાણી સાંભળતાં ધનદત્તનું મન શાંત થઈ ગયું, ને પ્રસન્નતાથી તેના ચિત્તમાં દયા પ્રગટી. તેથી તેણે રાત્રિભોજન છોડીને અહિંસાદિ અણુવ્રત ધારણ કર્યા, અલ્પશક્તિને લીધે તે મહાવ્રત ધારણ કરી ન શક્યો. અણુવ્રતસહિત દેહ છોડીને તે સ્વર્ગનો દેવ થયો.

બંધુઓ, આ ધનદત્તનો જીવ એ જ પછી આગળ જતાં આપણા ભગવાન રામચંદ્રજી થયા. તેમની આ વાર્તા ઉપરથી તમે પણ રાત્રિભોજનનું પાપ છોડો ને આત્મહિતનો ઉદ્યમ કરો.

(પદ્મપુરાણમાંથી)

## (૪૦)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(૧) પોતાના આત્માની શક્તિ વધારે તે .................... અંગ સમ્યક્દ્રષ્ટિને હોય છે.

(૨) અનંતાનુબંધી ક્રોધાદિ કષાયના ઉદયનો અભાવ તે ................. છે.

(૩) અતત્ત્વમાં તત્ત્વપણાનું શ્રદ્ધાન જેને ન હોય તે .................. ગુણ સમ્યક્દ્રષ્ટિને હોય છે.

(૪) ધર્મમાં અને ધર્મના ફળમાં પરમ ઉત્સાહ વર્તે તે .................. છે.

(૫) સર્વ પ્રાણીઓમાં ઉપકારની બુદ્ધિ અને મૈત્રીભાવ તે .................. છે.

(૬) સમ્યક્દ્રષ્ટિ કર્મના ફળની વાંછા કરતા નથી એવો ................ અંગ તેમને હોય છે.

(૭) ચૌદ ગુણસ્થાનમાં તેરમાં ગુણસ્થાનને ........... કેવળી તથા ચૌદમા ગુણસ્થાનને ............. કેવળી ગુણસ્થાન કહે છે.

(૮) ધર્મનો ઉદ્યોત-પ્રકાશ કરવો તે ............. અંગ સમ્યક્દ્રષ્ટિને હોય છે.

(૯) જે જ્ઞાન સહિત તપ કરે છે તે .................. છે.

(૧૦) સમ્યક્ત્વના આઠ દોષ ................ ઉદયથી જ થાય છે.

(૧૧) જે ધર્મથી પડી જાય તેને દ્રઢ કરવો તે ................ અંગ સમ્યગ્દ્રષ્ટિને હોય છે.

(૧૨) સમવસરણના ૧૦૦ ઈન્દ્રોમાં ભવનવાસી દેવોના ................. ઈન્દ્રો હોય છે.

(૧૩) સમ્યક્દ્રષ્ટિને સંદેહ અને શંકા ન હોય એવો ................... ગુણ હોય છે.

(૧૪) શ્રાવકની અગિયાર પ્રતિમામાં આઠમી પ્રતિમા ............... હોય છે.

(૧૫) ચૌદ ગુણસ્થાનમાં છઠ્ઠા ગુણસ્થાનને ................. તથા સાતમા ગુણસ્થાનને ............... કહે છે.

(૧૬) મધમાખી .................. ઈન્દ્રિયવાળો જીવ હોય છે.

(૧૭) મુનિસુવ્રત ભગવાનનાં વૈરાગ્યનું કારણ ................ જ્ઞાન થયું.

(૧૮) મિથ્યાત્વ, રાગ-દ્વેષ આદિ ભાવો દુઃખરૂપ હોવા છતાં તેને હિતરૂપ માની તેનું સેવન કરવું તે ............... તત્ત્વની ભૂલ છે.

(૧૯) જંબૂદ્વીપની ૩૪ કર્મભૂમિમાં વિદેહક્ષેત્રની ................ ભૂમિ હોય છે.

(૨૦) ચૌદ ગુણસ્થાનમાં અગિયારમા ગુણસ્થાનને ............... ગુણસ્થાન કહે છે.

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્નો સપ્ટેમ્બર-૨૦૧૬ના ઉત્તરો

(૧) પુદ્‌ગલ દ્રવ્યમાં
(૨) પ્રાગભાવ
(૩) પ્રધ્વંસાભાવ
(૪) અત્યંત
(૫) અત્યંત
(૬) અન્યોન્યાભાવ
(૭) અભાવ
(૮) છએ
(૯) અત્યંતાભાવ
(૧૦) અન્યોન્યાભાવ
(૧૧) પ્રાગભાવ
(૧૨) અન્યોન્યાભાવ
(૧૩) પ્રાગભાવ – પ્રધ્વંસાભાવ
(૧૪) અન્યોન્યાભાવ
(૧૫) (૧) પ્રાગભાવ (૨) પ્રધ્વંસાભાવ
(૩) અન્યોન્યાભાવ
(૪) અત્યંતાભાવ
(૧૬) અત્યંત
(૧૭) અત્યંતાભાવ (૧) પ્રાગભાવ
(૨) પ્રધ્વંસાભાવ
(૩) અન્યોન્યાભાવ
(૧૮) અત્યંતાભાવ
(૧૯) અત્યંતાભાવ
(૨૦) અત્યંતાભાવ

## (૩૯)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર કૌંસમાં આપેલ યોગ્ય વિકલ્પથી પૂર્ણ કરો.)

(૧) ............... ગુણને ન માનવામાં આવે તો જીવ પોતે પોતાને જાણી શકતો નથી. તથા કેવળજ્ઞાન પ્રાપ્ત કરતો નથી. (અગુરુલઘુત્વ, પ્રમેયત્વ, અસ્તિત્વ)

(૨) સામાન્ય તથા વિશેષ ગુણોમાં ................ અપેક્ષાએ ભેદ છે.(ક્ષેત્ર, સંખ્યા, સંજ્ઞા)

(૩) ................. વિના તીર્થંકર ભગવાનની વાણી ખરતી નથી. (ચક્રવર્તી, દેવ, ગણધર)

(૪) સામાન્યગુણથી ............. ની સિદ્ધિ થાય છે. (જાતિ, દ્રવ્ય, પર્યાય)

(૫) અનુપ્રેક્ષા એ ............... નો પ્રકાર છે. (માર્ગણાસ્થાન, બારભાવના, સ્વાધ્યાય)

(૬) શુક્લધ્યાનના .................. ભેદ છે. (ચાર, ત્રણ, આઠ)

(૭) બધા જ તીર્થંકર સમાન શક્તિવાળા હોવા છતાં શાંતિનાથ ભગવાન શાંતિ આપનારા છે તેમ માનવું એ ............ દોષ છે. (મલિન, અગાઢ, ચલ)

(૮) જ્યાં પર્યાપ્તિ પૂર્ણ થતી નથી અને મરણ થઈ જાય તેને .............. જીવ કહે છે. (લબ્ધપર્યાપ્તક, નિર્વૃત્ય પર્યાપ્ત, પર્યાપ્ત)

(૯) શ્રીપીઠ નામના રુદ્ર .............. ભગવાનના કાર્યકાળમાં થયા. (કુંથુનાથ, શાંતિનાથ, નમિનાથ)

(૧૦) ગોમ્મટસાર એ ..................... નું શાસ્ત્ર છે. (ચરણાનુયોગ, કરણાનુયોગ, પ્રથમાનુયોગ)

(૧૧) અગિયાર અંગ પૈકી પ્રથમ આચાર અંગમાં ............. હજાર પદ હોય છે. (અઢાર, બત્રીસ, ત્રેસઠ)

(૧૨) ભિન્નભિન્ન પદાર્થોમાં રહેવાવાળા પ્રતિનિયત અસ્તિત્વને .............. સત્તા કહે છે. (મહા, અવાન્તર, દેશ)

(૧૩) સ્થાપના એ ............... નો ભેદ છે. (નિક્ષેપ, પ્રમાણ, નય)

(૧૪) સયોગી કેવળી એ ................. નો પ્રકાર છે. (અંતરાત્મા, પરમાત્મા, બહિરાત્મા)

(૧૫) ................. કર્મના કારણે પ્રતિકૂળ સંયોગો પ્રાપ્ત થાય છે. (મોહનીય, અંતરાય, વેદનીય)

(૧૬) બુદ્ધિપૂર્વકનો રાગ .................. ગુણસ્થાન સુધી હોય છે.(પાંચમા, છઠ્ઠા, સાતમા)

(૧૭) પ્રત્યભિજ્ઞાનના કારણભૂત દ્રવ્યની કોઈ અવસ્થાની નિત્યતાને .............. કહે છે (ધ્રૌવ્ય, ઉત્પાદ, વ્યય)

(૧૮) જીવની કેવળજ્ઞાન પર્યાય એ ................ પર્યાય છે.
(સ્વભાવ અર્થ, વિભાવઅર્થ, સ્વભાવ વ્યંજન)

(૧૯) આત્મબળને પ્રગટ કરવું તેને ..................... કહે છે
(તપાચાર, ચારિત્રાચાર, વીર્યાચાર)

(૨૦) ........... ની પર્યાય ૧૩મા ગુણસ્થાનમાં પૂર્ણ નિર્મળ થાય છે.(જ્ઞાન, ચારિત્ર, શ્રદ્ધા)

---

# બાળકો માટેના આપેલ
# પ્રશ્ન સપ્ટેમ્બર–૨૦૧૬ના ઉત્તર

| | | | |
|---|---|---|---|
| (૧) | હસ્તિનાપુર | (૧૧) | સંવર |
| (૨) | કુબેર | (૧૨) | આઠ |
| (૩) | બે | (૧૩) | લોક |
| (૪) | સ્થિતિકરણ | (૧૪) | ચાર |
| (૫) | પહેલું | (૧૫) | માર્દવ |
| (૬) | અજ્ઞાન | (૧૬) | સમ્યક્ |
| (૭) | સ્વાધ્યાય | (૧૭) | દ્રવ્યાનુયોગ |
| (૮) | લાલ | (૧૮) | ઉપયોગ |
| (૯) | લઘિમા | (૧૯) | પ્રમાણ |
| (૧૦) | અતિશય | (૨૦) | ત્રણ |

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● પ્રશ્ન :–ધર્મ કરવો હોય પણ કુગુરુ મળી જાય તો શું કરવું?

ઉત્તર :–અંદરની સાચી પાત્રતા હોય તો સાચા નિમિત્તો સહજ મળી જાય. સાક્ષાત્ ભગવાન મળી જાય. સિંહ જેવા પ્રાણીને પણ અંદરની પાત્રતા તૈયાર થતાં જંગલમાં આકાશમાંથી મુનિઓ નીચે ઉતરી બોધ આપે છે. પાત્રતા હોય તો નિમિત્તનો યોગ ગમે તેમ મળી જાય છે. અંદરની પાત્રતા હોય ને સાચો યોગ ન મળે એમ ન બને. ૧૭૭.

● પ્રશ્ન :–શુદ્ધનયનો વિષય અંશ છે અંશી?

ઉત્તર :–નયનો વિષય અંશ છે.

પ્રશ્ન :–શુદ્ધનયનો વિષય પરિપૂર્ણ છે ને?

ઉત્તર :–પરિપૂર્ણ હોવા છતાં વર્તમાન પર્યાય વિનાનો હોવાથી તેને અંશ કહેવાય છે. પરંતુ એ અંશ ત્રિકાળી હોવાથી તે અપેક્ષાએ તેને અંશી પણ કહેવાય. ૧૭૮.

● એકબાજુ જ્ઞાનસિંધુ છે ને બીજી બાજુ ભવસિંધુ છે. જ્યાં રુચે ત્યાં જા. ૧૭૯.

● પ્રશ્ન :–સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થવાય છે ને?

ઉત્તર :–સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થવાય છે તેનો અર્થ સવિકલ્પથી નિર્વિકલ્પ થાય છે તેમ નથી પણ નિર્વિકલ્પ થતાં પહેલાં હું શુદ્ધ છું, બુદ્ધ છું, જ્ઞાયક છું એવા વિકલ્પો આવે છે તેને પણ છોડીને અંદર અભેદ સ્વભાવનો આશ્રય લેતાં નિર્વિકલ્પ થાય છે ત્યારે તેને સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થયો તેમ ઉપચાર આવે છે–ઉપચારથી કહેવાય છે. ૧૮૦.

● પ્રશ્ન :–સમયસાર ગાથા ૧૩માં નવતત્ત્વને ભૂતાર્થથી જાણતાં સમ્યગ્દર્શન થાય છે તેમ કહ્યું છે ત્યાં ભૂતાર્થથી શ્રદ્ધેય કેમ નથી કહ્યું?

ઉત્તર :–જાણ્યા વિના શ્રદ્ધા થતી નથી તેથી ભૂતાર્થથી જાણેલ તેમ કહ્યું છે, કેમકે જાણે છે તેની શ્રદ્ધા થાય છે. જાણ્યા વિના શ્રદ્ધા થતી નથી. ૧૮૧.

● પ્રશ્ન :–જાણવામાં ને શ્રદ્ધવામાં એક જ સમય છે કે સમય ભેદ છે?

ઉત્તમ :–એક જ સમયમાં જ્ઞાન–શ્રદ્ધાન સાથે જ છે, છતાં જ્ઞાનને કારણ કહે છે અને શ્રદ્ધાનને કાર્ય કહે છે. ૧૮૨.

આત્મધર્મ
ઓક્ટોબર-૨૦૧૬
અંક-૨ ● વર્ષ-૧૧

Posted at Songadh PO
Publish on 1-10-2016
Posted on 1-10-2016

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## દ્રવ્યદૃષ્ટિનું જોર

જેને દ્રવ્યદૃષ્ટિ યથાર્થ પ્રગટ થઈ છે તેને દૃષ્ટિના જોરમાં એકલો જ્ઞાયક ભાસે છે. શરીરાદિ કાંઈ ભાસતું જ નથી. ભેદજ્ઞાનની પરિણતિ એવી દૃઢ થઈ જાય છે કે, સ્વપ્નમાં પણ આત્મા શરીરથી ભિન્ન ભાસે છે. દિવસે તો ભિન્ન ભાસે છે પણ રાત્રિમાં ઊંઘમાં પણ આત્મા નિરાળો જ ભાસે છે. સમ્યગ્દૃષ્ટિને ભૂમિકા અનુસાર બાહ્ય વર્તન હોય છે. પરંતુ બાહ્ય વર્તનમાં પણ કોઈપણ સંયોગોમાં એની જ્ઞાન વૈરાગ્ય શક્તિ કોઈ જુદા જ પ્રકારની રહે છે. બાહ્યથી ગમે તે પ્રસંગમાં સંયોગમાં જોડાયેલો દેખાય તોપણ જ્ઞાયક તો જ્ઞાયકપણે જ ભાસે છે. વિભાવથી ભિન્ન નિઃશંક જ્ઞાયકપણે નિઃશંક ભાસે છે. આખું બ્રહ્માંડ ફરી જાય તોપણ સ્વરૂપ–અનુભવમાં નિઃશંકતા વર્તે છે. જ્ઞાયક ઉપર ચડીને ઊર્ધ્વરૂપે બિરાજે છે, બીજા બધા નીચે રહે છે. ગમે તેવા શુભભાવો આવે, તીર્થંકર ગોત્રનો શુભભાવ આવે તોપણ તે નીચે જ રહે છે. દ્રવ્યદૃષ્ટિવંતને આવું અદ્‌ભુત જોર વર્તે છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org